


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 087
Dt.: 07-12-2025,
Sunday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### નાણા મંત્રાલયે રાજ્યસભામાં આપી જાણકારી

# સરકારે હવે સ્પષ્ટ કરી દીધું છે કે, 8th પે કમિશન રિવિઝન પણ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનર્સ માટે આખરે એક રાહતના સમાચાર સામે આવ્યા છે. છેલ્લા કેટલાય સપ્તાહથી ચાલી રહેલી ચર્ચાઓ અને ટેન્શન બાદ સરકારે હવે સ્પષ્ટ કરી દીધું છે કે, 8th પે કમિશન રિવિઝન પણ કરશે. એટલે કે આવનારા સમયમાં માત્ર સેલેરી જ નહીં, પરંતુ પેન્શનમાં પણ ફેરફાર જોવા મળી શકે છે. આ જાણકારી નાણા મંત્રાલયે રાજ્યસભામાં આપી ત્યારથી પેન્શનર્સે રાહતનો શ્વાસ લીધો છે.

શું 8th Pay Commission પેન્શન રિવાઈઝ કરશે? :- જી હાં. રાજ્યસભામાં પૂછવામાં આવેલા સવાલ પર નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું કે, 8th Pay Commissionનું કામ પગાર, ભથ્થાઓ અને પેન્શન ત્રણેય અંગે ભલામણો કરવાનું છે. આ પહેલા ઘણા કર્મચારીઓ અને પેન્શનર સંગઠન સરકારીને પત્ર લખીને માંગ કરી રહ્યા હતા કે, ToR (Terms of Reference)માં પેન્શનનો ઉલ્લેખ સ્પષ્ટ રીતે કરવામાં આવે. હવે સરકારે સ્થિતિને એકદમ સ્પષ્ટ કરી દીધી છે.

શું DAને બેઝિકમાં મર્જ કરવામાં આવશે? :- કર્મચારીઓના મનમાં સૌથી મોટો સવાલ હતો કે શું DAને બેઝિક સેલેરીમાં મર્જ કરવામાં આવશે? સરકારે તેનો જવાબ સ્પષ્ટ 'ના' માં આપ્યો છે. પંકજ ચૌધરીએ સંસદમાં જણાવ્યું કે, DAને બેઝિક પેમાં મર્જ કરવાનો કોઈ પ્રસ્તાવ સરકારની પાસે નથી. જોકે, યુનિયન્સની માંગ રહી છે કે જ્યારે ડીએ ૫૦%ની પાર થઈ જાય, તો તેને બેઝિકમાં મર્જ કરી દેવો જોઈએ. પરંતુ હાલ સરકારે આવું કોઈ પગલું ઉઠાવશે નહીં.

શું 8th Pay Commission બની ગયું છે? :- જી હાં. સરકારે ૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ઓફિશિયલી 8th પે કમિશનનું ગઠન કર્યું છે. જેમાં ચેરમેન અને સભ્યો પણ નિયુક્ત કરી દેવામાં આવ્યા છે અને ToR પણ જાહેર થઈ ચૂક્યા છે. આ જ ToRના આધારે કમિશન સેલેરી સ્ટ્રક્ચર, ભથ્થા, પેન્શન અને સિસ્ટમ સંબંધિત મોટા ફેરફારો પર પોતાનો રિપોર્ટ તૈયાર કરશે.

શું છે ટર્મ્સ ઓફ રેફરન્સ? :- ToR કોઈ પણ પગાર પંચની 'રૂલ બૂક' જેવા હોય છે, જેના આધારે આયોગ પોતાનો રિપોર્ટ તૈયાર કરે છે. ToR તે વ્યાખ્યાઓ, શરતો અને વિષયો સામેલ હોય છે, જેના પર આયોગને ભલામણો આપવાની હોય છે.

કર્મચારીઓ અને પેન્શનર્સ માટે આનો શું છે અર્થ? :- પેન્શન રિવિઝન થશે, પે સ્ટ્રક્ચરમાં બદલાવની શક્યતા છે, ભથ્થાઓ અંગે પણ નવા નિયમો આવશે.

# રશિયા પર સૌથી મોટી કાર્યવાહી કરવાની તૈયારીમાં G7 અને યુરોપ!

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

યુરોપ અને G7 દેશો રશિયા પર સકંજો કસવાની તૈયારી કરી રહ્યા છે. યુરોપિયન સંઘ અને G7 દેશો રશિયાના ક્રૂડ ઓઈલ માટે દરિયાઈ રસ્તા પર સંપૂર્ણ પ્રતિબંધ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. સમાચાર એજન્સી રોયટર્સ અનુસાર આ પ્રતિબંધના કારણે વર્તમાન પ્રાઇસ લિમિટ સિસ્ટમ સમાપ્ત થઈ જશે.

રશિયાનું એક તૃતીયાંશ ક્રૂડ ઓઈલની નિકાસ પશ્ચિમ દેશોના જહાજો દ્વારા કરવામાં આવે છે. જેમાં મોટા ભાગે ભારત અને ચીનને ઓઈલની સપ્લાય કરવામાં આવે છે.

એવામાં નવા પ્રતિબંધના કારણે આ બિઝનેસ પર પ્રહાર કરવામાં આવશે. પશ્ચિમી દેશોના જહાજો પર પ્રતિબંધના કારણે રશિયાએ મજબૂરીમાં શેડો ટેક્રર્સથી ઓઈલની નિકાસ કરવી પડશે. આટલું જ નહીં રશિયા ઓઈલની નિકાસ માટે પશ્ચિમી દેશોની વીમા કંપનીઓ સાથે કરાર કરી શકશે નહીં. નોંધનીય છે કે આ મુદ્દે અંતિમ નિર્ણય અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લેવામાં આવશે. કારણ કે તેઓ છેલ્લા ઘણા સમયથી યુક્રેન અને રશિયાનો સૈન્ય સંઘર્ષ સમાપ્ત કરવા માટે મધ્યસ્થીનો પ્રયાસ કરી રહ્યા છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૨માં જ G7 દેશો એટલે કે અમેરિકા, બ્રિટેન, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી અને જાપાને રશિયાથી ઓઈલની આયાત પર કેટલાક કડક નિયમો લગાવ્યા હતા. ઓઈલની સંપૂર્ણ આયાત બંધ કરવાને બદલે G7એ રશિયાના ઓઈલ પર પ્રાઈસ કેપ લગાવ્યો. શરત એવી હતી કે જો રશિયા ઓઈલની કિંમત ૬૦ ડૉલર પ્રતિ બેરલથી નીચે રાખે તો પશ્ચિમના દેશોની જહાજ અને વીમા સેવાઓ મળતી રહેશે.આ નિયમના કારણે રશિયાને આંચકો તો લાગ્યો પણ ઓઈલ વેચાતું રહ્યું. બીજી તરફ રશિયાએ શેડો ટન્કરથી પણ ઓઈલની નિકાસમાં વધારો કરી નાંખ્યો. જેમાં કોઈ નિયમ કે વીમા વિના ગુપ્ત જહાજોથી ઓઈલ રશિયાથી બીજા દેશો સુધી પહોંચાડવામાં આવે છે. ઈરાન અને વેનેઝુએલા પણ અમેરિકાના પ્રતિબંધોના કારણે આ રીતે જ ઓઈલ વેચે છે. આ જહાજની માલિકી કોની છે તેની જાણકારી પણ અસ્પષ્ટ હોય છે.

સૂત્રો અનુસાર રશિયા પાસે આવા ૧,૪૨૩ જહાજો છે. એક અનુમાન અનુસાર અત્યારે રશિયાના કુલ ઓઈલ નિકાસમાં ૪૪% તો શેડો ટેક્રર જ લઈ જાય છે. જ્યારે ૩૮ ટકા હજુ G7, યુરોપ અને ઑસ્ટ્રેલિયાના ટેક્રરથી કરવામાં આવે છે. જો G7 અને યુરોપ નવા પ્રતિબંધ લગાવે તો રશિયાના ઓઈલ માટે પશ્ચિમી દેશોના ટેક્રર કે વીમાની કોઈ સુવિધા નહીં મળે.

### થરુર રાષ્ટ્રપતિ ભવન જતાં પવન ખેડાનો ટોણો

# ડિનરના આમંત્રણ મુદ્દે કોંગ્રેસમાં મહાભારત

### રશિયન પ્રમુખ માટે ડિનરના આયોજનમાં વિપક્ષ તરફથી માત્ર કોંગ્રેસના સાંસદ થરુરને જ આમંત્રણ અપાયું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસ પાર્ટીમાં આંતરિક વિખવાદ ફરી એકવાર ખુલ્લેઆમ જોવા મળી રહ્યો છે અને આ વિવાદના કેન્દ્રમાં ફરી એકવાર વરિષ્ઠ નેતા શશી થરુર છે. ૫ ડિસેમ્બરના રોજ, રાષ્ટ્રપતિ ભવનમાં રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન માટે ખાસ ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. વિપક્ષ તરફથી માત્ર કોંગ્રેસના સાંસદ શશી થરુરને જ આમંત્રણ આપવામાં આવ્યું હતું અને તેમણે તેમાં હાજરી પણ આપી. જોકે, પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને આમંત્રણ ન મળતાં, થરુર હવે તેમની જ પાર્ટીના નેતાઓના નિશાને આવી ગયા છે.

કોંગ્રેસના નેતા પવન ખેડાએ શશી થરુરના ડિનરમાં જઈ આવવાના નિર્ણય પર આશ્ચર્ય વ્યક્ત કર્યું અને સવાલ ઉઠાવ્યો કે શું થરુરને આ રમત વિશે ખબર નહોતી. તેમણે કહ્યું કે, જ્યારે મારા નેતાઓને આમંત્રણ આપવામાં આવતું નથી, પરંતુ મને આપવામાં આવે છે, તો આપણે સમજવું જોઈએ કે આ રમત શા માટે રમાઈ રહી છે, કોણ આ રમત રમી રહ્યું છે અને આપણે તેનો ભાગ શા માટે ન બનવું જોઈએ..."

પવન ખેડાએ આગળ કહ્યું કે, આમંત્રણ મોકલવામાં આવ્યું અને તે સ્વીકાર પણ કરવામાં આવ્યું તે આશ્ચર્યજનક છે. દરેકની અંતરાત્માનો એક અવાજ હોય છે. ડિનરમાં જોડાતાં પહેલા શશી થરુરે પણ એક નિવેદન આપ્યું હતું કે, હું ચોક્કસપણે ડિનરમાં હાજરી આપીશ. જોકે, તેમણે આ વાતનો સ્વીકાર કર્યો હતો કે વિપક્ષના નેતાઓને ન બોલાવવા તે યોગ્ય નથી. થરુરે કહ્યું, મને ખબર નથી કે આમંત્રણ કયા આધારે મોકલવામાં આવી રહ્યું છે. પરંતુ હું ચોક્કસ જઈશ. પરંતુ તે પણ યોગ્ય નથી કે વિપક્ષના નેતાઓને આમંત્રિત કરવામાં આવ્યા નથી. જોકે જયરામ રમેશે પણ X પર એ વાતની પુષ્ટિ કરી હતી કે રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે બંનેને પુતિન સાથેના ડિનરમાં આમંત્રણ મળ્યું ન હતું. આ ઘટના પહેલાં ૪ ડિસેમ્બરે રાહુલ ગાંધીએ મોદી સરકાર પર વિદેશી ડેલિગેશનોને મળવા માટે વિપક્ષી નેતાઓને આમંત્રિત કરવાની પરંપરા તોડવાનો આરોપ લગાવ્યો હતો. જોકે, સરકારે આ આરોપોને ફગાવી દીધા અને કહ્યું કે, ૯ જૂન, ૨૦૨૪ના રોજ રાહુલ ગાંધી લોકસભામાં વિપક્ષના નેતા બન્યા ત્યારથી તેઓ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના સહિત ઓછામાં ઓછા ચાર રાષ્ટ્રાધ્યક્ષોને મળી ચૂક્યા છે.

### પોલીસ-એજન્સીઓ સતર્ક થઈ

# પાકિસ્તાનથી ઉડીને બીકાનેરમાં આવ્યા બે મોટા શંકાસ્પદ ફુગ્ગા

### કોઈ પણ ફુગ્ગામાં કોઈ શંકાસ્પદ વસ્તુ જોવા મળી નહોતી

(સંપૂર્ણ સમાચાર સેવા)બીકાનેર

બોર્ડરથી અડીને આવેલા વિસ્તારમાં પાકિસ્તાન તરફથી આવેલા શંકાસ્પદ ફુગ્ગાનો સિલસિલો ફરી એક વાર શરૂ થઈ ગયો છે. ખાજૂવાલા વિસ્તાર અને તેની આજુબાજુના ગામલોકો સતત સજાગ છે, કેમ કે મોડી રાતથી લઈને સવાર સુધીમાં બે અલગ અલગ સ્થળ પર પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ લખેલા ફુગ્ગા મળવાની ઘટના સામે આવી છે. ગામ લોકો સતર્ક હોવાથી તરત પોલીસ અને સુરક્ષા એજન્સીઓની સૂચના આપી.



જે બાદ ટીમ ઘટનાસ્થળે પહોંચી અને બંને ફુગ્ગાની તપાસ કરી. રાહતની વાત એ છે કે કોઈ પણ ફુગ્ગામાં કોઈ શંકાસ્પદ વસ્તુ જોવા મળી નહોતી. પણ સરહદી વિસ્તારમાં આવી ઘટનાઓ લોકોમાં સ્વાભાવિક ચિંતા ઊભી કરી રહી છે. પહેલી ઘટના ખાજૂવાલા વિસ્તારના હરિરામ મંદિર પરિસરમાં બની હતી, જ્યાં સવારે ગામ લોકોએ પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સ લખેલો એક ફુગ્ગો જોયો. ગામલોકોએ તરત ખાજૂવાલા પોલીસ ટીમને સૂચના આપી. બીજી ઘટના રાતમાં સામે આવી હતી, જ્યાં 6 SSM સિયાસર વિસ્તારમાં પણ આવી રીતે એક પાકિસ્તાની ફુગ્ગો મળ્યો હતો. બંને ઘટના બાદ સુરક્ષા એજન્સીઓએ ફુગ્ગાને કબજામાં લઈ તપાસ કરી અને પુષ્ટિ કરતા તેમાં કોઈ ઈલેક્ટ્રોનિક ડિવાઈસ, વિસ્ફોટક અથવા શંકાસ્પદ સામગ્રી નહોતી મળી.

પ્રાથમિક રીતે માનવામાં આવે છે કે, પાકિસ્તાનમાં કોઈ ઈવેન્ટ દરમ્યાન છોડવામાં આવેલા આ ફુગ્ગા હવાની દિશા સરહદ પાર ભારતીય વિસ્તારમાં આવીને પડ્યા હતા. સરહદ વિસ્તાર ખાજૂવાલામાં આ પ્રકારની ઘટનાઓ કંઈ નવી નથી, પણ છેલ્લા કેટલાક દિવસોમાં સતત પાકિસ્તાની ફુગ્ગા મળવાથી સ્થાનિક લોકો સતર્ક થઈ ગયા છે. ગામ લોકોનું કહેવું છે કે બોર્ડર વિસ્તાર હોવાના કારણે કોઈ પણ અજાણી વસ્તુને લઈને તરત શંકાની નજર જોઈ રહ્યા છે અને તરત પોલીસ તથા સુરક્ષા એજન્સીને સૂચિત કરે છે. આ જ કારણ છે કે બંને ફુગ્ગા મળતા જાણકારી આપવામાં જરા પણ મોડું કર્યું નથી.

# મુંબઈ ઍરપોર્ટ પર ફસાયેલી આફ્રિકન મહિલાનો હોબાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગો દ્વારા મોટા પાયે ફ્લાઈટ્સ રદ થવાને કારણે દેશભરમાં હવાઈ કામગીરી ખોરવાઈ ગઈ છે. શુક્રવારે ૪૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ થતાં સંકટ વધુ ઘેરું બન્યું છે અને હજારો મુસાફરો મુખ્ય ઍરપોર્ટ પર ફસાયા છે. આ અફરાતફરી વચ્ચે મુંબઈ ઍરપોર્ટ પરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં એક આફ્રિકન મહિલા એરલાઈનના કાઉન્ટર પર ચઢીને કર્મચારીઓ પર ગુસ્સે થતી જોવા મળી રહી છે.આ વીડિયો ઈન્સ્ટાગ્રામ પર 'vishalpatel.vj' નામના હેન્ડલ દ્વારા શેર કરવામાં આવ્યો છે. વીડિયોમાં કાઉન્ટર પાસે અન્ય મુસાફરોની પણ ભીડ જોવા મળે છે, જેમાંથી ઘણા નિરાશ છે. વાયરલ વીડિયોમાં આફ્રિકન મહિલા પોતાની ફ્લાઈટ અચાનક રદ થવા અંગે ઈન્ડિગોના કર્મચારીઓ પાસેથી જવાબ માંગી રહી છે.

### એરલાઈન્સ પર ગંભીર આરોપ

# ઈન્ડિગોનું સંકટ અચાનક નથી આવ્યું, પરંતુ ગણતરીપૂર્વક ઘડાયેલું કાવતરું!

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોનું સંકટ રાષ્ટ્રીય જ નહીં, આંતરરાષ્ટ્રીય સ્તરનો મુદ્દો બની ચૂક્યો છે. ભારતમાં ૯૦થી વધુ શહેરો અને વિદેશમાં ૪૦થી વધુ શહેરોમાં સેવા પૂરી પાડતી આટલી મોટી વિમાની કંપની લગભગ એક સપ્તાહથી ગંભીર સંકટનો સામનો કરી રહી છે. તેના કારણો જે પણ હોય, પરંતુ ઈન્ડિગો પર આરોપ છે કે કંપનીએ જાણી જોઈને એની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને સાચવી લીધી અને ઘરેલુ ફ્લાઈટ્સને રઝળાવી દીધી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં ગંભીર આરોપ મૂકાયો છે કે, ઈન્ડિગો દ્વારા ફ્લાઈટ રદ કરવાની પ્રક્રિયા 'રાતોરાત સર્જાયેલી અરાજકતા' નથી, પરંતુ એક 'ગણતરીપૂર્વક કરાયેલું કાવતરું' છે. આ પોસ્ટમાં દાવો કરાયો છે કે એરલાઈને તેની નફાકારક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને જાણી જોઈને 'સુરક્ષિત' રાખી છે, અને ઓછા માર્જિનવાળી સ્થાનિક ફ્લાઈટ્સનું બલિદાન આપ્યું છે. આવો ગંભીર આરોપ લગાવનાર પોસ્ટ વાયરલ થઈ ગઈ છે.

કાવતરાનો આરોપ મૂકીને કેવા કારણો અપાયા છે?

- આંતરરાષ્ટ્રીય રૂટ્સ અમેરિકન ડોલર્સમાં આવક થાય છે, તેથી કંપનીને વધુ નફો મળે છે.

- આંતરરાષ્ટ્રીય રૂટ્સમાં ફ્યુલનો ખર્ચ ઓછો આવે છે.

- આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવાથી વિદેશી નિયમો લાગુ પડતા હોય છે અને એને આધારે મુસાફરોને મોટું વળતર આપવાનું જોખમ હોય છે. નિષ્ણાતો અને યુઝર્સની પ્રતિક્રિયા

આ આરોપને બળ મળે એવી પ્રતિક્રિયાઓ સોશિયલ મીડિયા પર મળી છે. કોઈકે આ સમગ્ર મુદ્દાને 'ઈન્ડિયો દ્વારા રચેલી કાલ્પનિક વાર્તા' કહ્યું છે, તો કોઈકે એને 'ઈન્ડિગોની સુસંગઠિત વ્યૂહરચના' તરીકે વર્ણવી છે. હવાઈ ઉડ્ડયન ક્ષેત્રના નિષ્ણાતોને પણ આ આરોપમાં દમ લાગે છે. આ આરોપની સત્યતા ચકાસી શકાઈ નથી. પરંતુ ઈન્ડિગોએ પણ આ આરોપ બાબતે હજુ સુધી કોઈ પ્રતિભાવ આપ્યો નથી. સોશિયલ મીડિયા પર લાગેલા આ આરોપે ગ્રાહકોના હિતો બાબતે મહત્ત્વના પ્રશ્નો ઉઠાવ્યા છે. ઈન્ડિગોએ આ વ્યાપક વિક્ષેપનું કારણ પાયલટ ડ્યુટી નિયમોમાં કરાયેલા ફેરફારોને ગણાવ્યા છે. પાયલટને વધુ આરામ મળી શકે (અને એને પગલે ફ્લાઈટ વધુ સલામત બને) એ માટે પાયલટના ફરજિયાત આરામનો સમય સપ્તાહના ૩૬ કલાક વધારીને ૪૮ કલાક કરાયો હતો. ઈન્ડિગોના મતે ૧ નવેમ્બરથી લાગુ કરાયેલા આ નિયમના અમલમાં 'ખોટી સમજણ અને આયોજનમાં ખામી'ના કારણે આ સ્થિતિ સર્જાઈ. આ ફેરફારને કારણે ક્રૂ શેડ્યુલિંગ (સ્ટાફના વ્યવસ્થાપન) અને ફ્લાઈટ્સના સમયપત્રક પર નોંધપાત્ર અસર પડી, જેને કારણે ઘણી ફ્લાઈટ્સ માટે પાયલટ ઉપલબ્ધ નહોતા થઈ શક્યા.

નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશન આ સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુએ ઈન્ડિગોના ઉચ્ચ અધિકારીઓ સાથે એક બેઠક બોલાવી હતી. આ દરમિયાન એરલાઈને રદ કરાયેલી ફ્લાઈટ્સના આંકડા રજૂ કર્યા અને ક્રૂ પ્લાનિંગ, ફ્લાઈટ ડ્યુટી ટાઈમ લિમિટેશન્સને લગતા નિયમો તેમજ હવામાન સંબંધિત અવરોધોને કારણભૂત ગણાવ્યા. જો કે, નાયડુએ સ્થિતિને હેન્ડલ કરવાની એરલાઈનની રીત બાબતે સ્પષ્ટ નારાજગી વ્યક્ત કરતાં કહ્યું હતું કે, ઈન્ડિગો પાસે નવા નિયમો મુજબ વ્યવસ્થા ઊભી કરવા માટે પૂરતો સમય હતો.

# ઈન્કમ ટેક્સમાં સુધારા બાદ સરકારનો નવો ટાર્ગેટ કસ્ટમ ડ્યુટી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈન્કમ ટેક્સમાં ધરખમ ફેરફાર બદલાવ બાદ હવે સરકારનું નવું ફોકસ કસ્ટમ ડ્યુટી સિસ્ટમમાં ફેરફાર કરવાનો છે. કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે શનિવારે (૬ ડિસેમ્બર) કહ્યું કે, બજેટ ૨૦૨૬ પહેલાં તેમની આવનારી મોટી પ્રાથમિકતા કસ્ટમ્સ વિભાગમાં મોટો સુધારો કરવાનું છે. તેમણે તેને પોતાનું નેક્સ્ટ બિગ ક્લીન-અપ અસાઈનમેન્ટ જણાવ્યું.

આગામી બજેટના સંદર્ભમાં નાણાં મંત્રીએ કહ્યું કે, કસ્ટમ્સ સિસ્ટમમાં સુધારો હવે જરૂરી બની ગયું છે. તેનાથી ન ફક્ત વેપારમાં સરળતા થશે પરંતુ, ભ્રષ્ટાચાર પર પણ લગામ લાગશે અને આયાત-નિકાસ પ્રક્રિયા સરળ અને પારદર્શક બનશે. હવે સમય આવી ગયો છે કે, જેમ સરકારે ફેસલેસ સિસ્ટમના રૂપે ઈક્રમ ટેક્સના વહીવટમાં ફેરફાર કર્યા તેમ કસ્ટમ્સ વિભાગને પણ પારદર્શક અને આધુનિક બનાવે.

નાણાં મંત્રીએ કહ્યું કે, સામાન્ય માન્યતા એવી હતી કે, ઈક્રમ ટેક્સના દર સમસ્યા નથી. અસલી સમસ્યા ટેક્સનો વહીવટ કેવી રીતે હાથ ધરવામાં આવતો તેમાં હતી. આ પ્રક્રિયા ક્યારેક પીડાદાયક અને બોજારૂપ બની જતી, જેના કારણે ટેક્સ ટેરેરિઝમ જેવો નકારાત્મક શબ્દ ઉદ્ભવ્યો. જોકે, હવે ઓનલાઈન અને ફેસલેસ સિસ્ટમે ઈક્રમ ટેક્સની પ્રક્રિયાને ખૂબ જ સહજ બનાવી દીધી છે.




## તંત્રી લેખ......


# તૈયારી વિનાના નિર્ણયોથી જાહેર અસુવિધામાં વધારો થયો

યોગ્ય તૈયારી વિના સાચા નિર્ણયને લાગુ કરવાના પ્રતિકૂળ પરિણામોનું ઉદાહરણ છેલ્લા ઘણા દિવસોમાં સ્થાનિક હવાઈ ટ્રાફિકમાં સૌથી મોટી એરલાઈન, ઈન્ડિગો દ્વારા સેંકડો ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જેના કારણે મોટી સંખ્યામાં મુસાફરોને અસુવિધા થઈ છે. હવાઈ મુસાફરોને થતી અસુવિધાને ધ્યાનમાં રાખીને, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે પોતાનો નિર્ણય પાછો ખેંચવાની ફરજ પડી હતી, જે સુરક્ષિત હવાઈ મુસાફરી માટે જરૂરી હતો. આ નિર્ણયથી પાઈલટ્સ માટે સાપ્તાહિક આરામનો સમયગાળો ૩૬ કલાકથી વધારીને ૪૮ કલાક કરવામાં આવ્યો હતો અને રાત્રિ ઉતરાણની મર્યાદા છ કલાકથી ઘટાડીને બે કરવામાં આવી હતી. આ નિર્ણય આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર હોવાથી, DGCA એ ખાતરી કરવી જોઈતી હતી કે બધી એરલાઈન્સ પાલન કરવા માટે તૈયાર છે. DGCA એ નવા નિયમોનું પાલન કરવા માટે જરૂરી તૈયારીઓ કરી છે કે નહીં તેનું નિરીક્ષણ કર્યું નથી તેવું માનવાના સારા કારણો છે. જો નવા નિયમો લાગુ કરવામાં આવે તો ઈન્ડિગો પાસે તેની ફ્લાઈટ્સ ચલાવવા માટે પૂરતા પાઈલટ્સ હશે કે નહીં તે DGCA એ કેમ તપાસ ન કરી હોત? કાં તો DGCA એ તપાસ કરવાની તસ્દી લીધી ન હતી, અથવા ઈન્ડિગો મેનેજમેન્ટે તેને અંધારામાં રાખ્યું હતું. સંજોગો ગમે તે હોય, મુખ્ય નિયમનકારી સંસ્થાની દેખીતી લાચારી અને અસમર્થતા સારી નિશાની નથી. હવાઈ મુસાફરો દ્વારા સામનો કરવામાં આવી રહેલા સંકટથી DGCA અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયની કાર્યક્ષમતા અને સતર્કતા પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. આ પ્રશ્નોના જવાબ આપવા જ નહીં, પણ ઉભી થયેલી અપ્રિય પરિસ્થિતિ માટે જવાબદાર લોકોને જવાબદાર ઠેરવવા પણ જરૂરી છે. આ સંદર્ભમાં, તપાસ થવી જોઈએ: જો અન્ય એરલાઈન્સ DGCA ના નવા નિયમોનું પાલન કરી શકતી હતી, તો ઈન્ડિગો કેમ ન કરી શકી? શું એવું એટલા માટે હોઈ શકે કારણ કે તેનો આવું કરવાનો કોઈ ઈરાદો નહોતો? એવું પૂછવું જોઈએ કે તેણે નવા નિયમોનું પાલન કરવા માટે વધારાના પાઈલટ્સને કેમ રાખ્યા નહીં? છેવટે, નવા નિયમો રાતોરાત લાગુ કરવામાં આવ્યા ન હતા. ઈન્ડિગો મેનેજમેન્ટે હવાઈ મુસાફરોને થયેલી અસુવિધા માટે દિલગીરી વ્યક્ત કરી તે સંતોષકારક નથી, કારણ કે તેનાથી જાણી જોઈને અસુવિધા થઈ. જો DGCA ને પોતાનો નિર્ણય પાછો ખેંચવો પડ્યો, તો તે ઈન્ડિગોએ જાણી જોઈને બનાવેલા સંજોગોને કારણે હતો. છેવટે, કંપની નિયમનકારી સંસ્થા પર જ દબાણ કરી શકે તેનાથી ખરાબ શું હોઈ શકે?

# વિક્લી માર્કેટ રિપોર્ટ: ચાંદીનો વાયદો રૂ.૧૨૧૫૧ના તોતિંગ ઉછાળા સાથે ઓલ ટાઈમ હાઈ સ્તરે: સોનાના વાયદામાં રૂ.૨૪૧૧ અને ક્રૂડ તેલમાં રૂ.૯૩ની તેજી

**કોટન, મેન્થા તેલમાં નરમાઈનો માહોલ: એલચીમાં સુધારાનો સંચાર: કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૨૬૨૩૫.૪૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૧૭૪૧૫૬.૦૪ કરોડનું સાપ્તાહિક ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૩૫૫૮૮.૧૯ કરોડનાં સાપ્તાહિક કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૧૦૧૦ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૨૮ નવેમ્બરથી ૪ ડિસેમ્બરના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૬,૦૦,૪૬૦.૯૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪,૨૬,૨૩૫.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૧,૭૪,૧૫૬.૦૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૬૮.૧૬ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૧.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૧૦૧૦ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર સાપ્તાહિક ધોરણે રૂ.૩૧૦૩૨.૦૫ કરોડનું થયું હતું.




સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૩૫૫૮૮.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૮૩૫૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૩૧૪૦૦ અને નીચામાં રૂ.૧૨૭૮૯૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૭૬૬૭ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૪૧૧ના ઉછાળા સાથે રૂ.૧૩૦૦૭૮ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો સપ્તાહના અંતે ૮ ગ્રામદીઠ રૂ.૧૯૮૫ ઊછળી રૂ.૧૦૪૧૯૭ થયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૪૨ વધી સપ્તાહના અંતે રૂ.૧૩૦૪૮ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો સપ્તાહના અંતે ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૦૦ ઊછળી રૂ.૧૨૮૮૯૪ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૭૧૦૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૩૦૩૫૦ અને નીચામાં રૂ.૧૨૭૧૦૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૬૯૦૪ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૨૮૮ની તેજી સાથે રૂ.૧૨૯૧૯૨ના ભાવે બંધ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૬૭૧૯૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૮૪૭૪૩ના ઓલ ટાઈમ હાઈ સ્તરને સ્પર્શી, નીચામાં રૂ.૧૬૬૯૮૦ના મથાળે અથડાઈ, રૂ.૧૬૫૯૮૭ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૨૧૫૧ના જંગી ઉછાળા સાથે રૂ.૧૭૮૧૩૮ના સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૨૨૬૬ની તેજી સાથે રૂ.૧૭૮૯૩૭ થયો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૨૩૨૮ની તેજી સાથે સપ્તાહના અંતે રૂ.૧૭૮૯૪૩ના ભાવે બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૨૫૨૨૧.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૫૨.૯ વધી રૂ.૧૦૭૩.૬ના સ્તરે પહોંચ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૯.૧૫ વધી રૂ.૩૦૮.૨૫ના સ્તરે સપ્તાહના અંતે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો સપ્તાહના અંતે રૂ.૭.૮ વધી રૂ.૨૭૮.૨૫ના ભાવે બોલાયો હતો. સીસું ડિસેમ્બર વાયદો રૂ.૧.૩ વધી સપ્તાહના અંતે રૂ.૧૮૩.૦૫ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૬૫૪૧૦.૪૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૩૬૦૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૨૮૯ અને નીચામાં રૂ.૩૫૨૦ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૬૦૭ વધી રૂ.૪૨૨૨ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૨૮૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૩૯૮ અને નીચામાં રૂ.૫૨૫૮ના મથાળે અથડાઈ, રૂ.૫૨૯૦ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૯૩ વધી રૂ.૫૩૮૩ થયો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો સપ્તાહના અંતે રૂ.૯૨ વધી રૂ.૫૩૮૧ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩૪.૩ વધી રૂ.૪૪૭.૪ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૩૪.૫ વધી સપ્તાહના અંતે રૂ.૪૪૭.૬ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૦૯ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬.૩ ઘટી રૂ.૯૦૩.૨ના સ્તરે પહોંચ્યો હતો. કોટન ડિસેમ્બર વાયદો રૂ.૨૦ ઘટી સપ્તાહના અંતે રૂ.૨૫૧૩૦ના ભાવે બંધ થયો હતો. એલચી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૬૮૫ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૯ વધી રૂ.૨૭૦૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૫૬૮૪૭.૭૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૭૮૭૪૦.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૨૦૦૮૭.૮૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૫૭૯.૪૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૯૧.૫૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૨૫૮.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૦૮.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૬૮૪૭.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૫૮૪૫૫.૦૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૦.૫૪ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ.૧.૦૦ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૪.૧૩ કરોડનાં કામ થયાં હતાં.

સપ્તાહના અંતે ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૩૦૨૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૪૨૮૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૯૧૨૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૫૦૧૬૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૪૦૭૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૪૫૯૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૩૦૬૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૪૯૬૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૫૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૩૨૦૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૪૫૫૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૩૦૧૯૭ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૩૧૫૫૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૦૦૧૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૯૯૭ પોઈન્ટની વૃદ્ધિ સાથે ૩૧૦૧૦ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

## રતનપુર ચેકપોસ્ટ ઉપર ૧.૫ કરોડની રોકડ સાથે ઝડપાયો યુવક

(સંપૂર્ણ સમાચાર સેવા)અરવલ્લી

અરવલ્લી જિલ્લાના રતનપુર ચેકપોસ્ટ પરથી વાહન ચેકિંગ દરમિયાન પોલીસે એક મોટી કાર્યવાહી હાથ ધરી છે, જેમાં એક કારમાંથી રૂ.૧.૫ કરોડની બિનહિસાબી રોકડ ઝડપાઈ છે. શામળાજી પોલીસ દ્વારા હાથ ધરાયેલા નિયમિત વાહન ચેકિંગ અભિયાન દરમિયાન આ સફળતા મળી હતી. પોલીસે એક શંકાસ્પદ કારને રોકાવીને તેની તલાશી લીધી હતી, જેમાં કારના બોનેટમાં એન્જિન ઉપરના ભાગે ખાસ રીતે છુપાવેલી રોકડ રકમ મળી આવી હતી. પ્રાથમિક તપાસ મુજબ, આ રોકડ ૫૦૦ રૂપિયાના દરની નોટોના ૪૪ જેટલા બંડલ સ્વરૂપે બે થેલીમાં ભરેલી હતી.

ઝડપાયેલ યુવક ડુંગરપુરનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે અને તે આ રોકડ રકમ હિંમતનગર તરફ લઈ જઈ રહ્યો હતો. જોકે, પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવતા કાર ચાલક રોકડના સ્ત્રોત અને તેના ગંતવ્ય સ્થાન અંગે કોઈ સંતોષકારક ખુલાસો આપી શક્યો ન હતો. રોકડના માલિકી અને હેતુ અંગે અસ્પષ્ટતા હોવાથી, પોલીસે તાત્કાલિક આ બાબતે ઈક્મટેક્સ વિભાગને જાણ કરી હતી. શામળાજી પોલીસ હાલમાં આ રોકડ ક્યાંથી આવી હતી અને હિંમતનગરમાં કોને પહોંચાડવાની હતી તે દિશામાં સઘન પૂછપરછ અને તપાસ કરી રહી છે.

પ્રાથમિક તપાસમાં એવું સામે આવ્યું છે કે આ રકમ હિંમતનગર ખાતે આપવાની હતી, પરંતુ તેના પાછળનો હેતુ અને કોણ આ રકમ મેળવવાનું હતું તે હજુ સ્પષ્ટ નથી. આઈટી વિભાગને રિપોર્ટ કરવામાં આવ્યો હોવાથી, હવે ઈન્કમટેક્સ વિભાગ દ્વારા પણ આ સમગ્ર મામલે વિસ્તૃત તપાસ હાથ ધરવામાં આવશે.

**એસપીજી ગૃપ ના સભ્યોએ સ્ટીંગ ઓપરેશન કર્યુ :**

# તલાટી વર્ષ માં ૨ હજાર લગ્ન કરાવી ૫૦ લાખ કમાયો




પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં પ્રેમલગ્ન અને ભાગીને લગ્ન કરવાના કિસ્સાઓ દિવસે ને દિવસે વધી રહ્યા છે જેને લઈને છેલ્લા ૩ વરસથી લગ્ન નોંધણીના કાયદામાં સુધારો કરવાની માંગ કરતા સરદાર પટેલ ગૃપના અધ્યક્ષ લાલજી પટેલે એક મોટો ઘટસ્ફોટ કર્યો છે, મહેસાણામાં પ્રેસ કોન્ફરન્સ યોજી તેમણે જણાવ્યુ હતુ કે પંચમહાલ જિલ્લાનુ કણજીપાણી ગામ બોગસ લગ્ન નોંધણીનુ એપી સેન્ટર છે, આ ગામના તલાટીએ એક વરસમાં ૨ હજાર લગ્ન કરાવી ૫૦ લાખ ની કમાણી કરી હોવાનો વિડીયો પણ અમારી પાસે છે.

**૬૩ પોલીસ જવાનને ઈન્ટરવ્યુ માટે બોલાવાયા**

# ગુજરાતમાં એન્ટી નાર્કોટીકસ ટાસ્ક ફોર્સની રચના માટે સરકારે કરી તૈયારીઓ:

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયમાં ડ્રગ્સ અને અન્ય માદક દ્રવ્યોની હેરાફેરીને ડામી દેવા માટે એક વિશેષ એન્ટી નાર્કોટીકસ ટાસ્ક ફોર્સ ની રચના માટેની પ્રક્રિયાઓ પુરજોશમાં ચાલી રહી છે, આ નવા ટાસ્ક ફોર્સ માટે રાજયના અલગ અલગ જિલ્લાઓમાંથી મળેલી કુલ અરજીઓ પૈકી ૬૩ પોલીસ જવાનને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવ્યા છે. આ જવાનોની પસંદગી કરીને ટાસ્ક ફોર્સને કાર્યરત કરવામાં આવશે. મળેલ અહેવાલ મુજબ શોર્ટલીસ્ટ કરાયેલા આ જવાનોના ઈન્ટરવ્યુ ૧૦



મી ડીસેમ્બર ના રોજ ઉચ્ચ અધિકારીઓ દ્વારા લેવામાં આવશે, આ ટાસ્કફોર્સનુ મુખ્ય ધ્યેય ડ્રગ્સ સહિત તમામ પ્રકારના માદક દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર અને ઉપયોગ પર અંકુશ મેળવીને ગુજરાતને ડ્રગ્સમુકત બનાવવાનુ રહેશે. આ વિશેષ ફોર્સની રચનાથી રાજયમાં નશાના નેટવર્કને તોડવામાં મદદ મળશે,

**ભરતી પૂર્ણ થયા બાદ નિમણૂક ઓર્ડર આપવામાં થયેલા વિલંબ અંગે પરીક્ષાર્થીઓએ રાજ્ય સરકારને કરી હતી રજૂઆત**

# સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં ૨૬૮ શૈક્ષણિક જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા પૂર્ણ

**પરીક્ષાર્થીઓની રજૂઆતોને હકારાત્મક વાચા આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે પરામર્શ કર્યા બાદ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ કર્યો ભરતીને મંજૂરી આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારનો અભિગમ હરહંમેશથી ખેડૂત, શિક્ષણ અને રોજગારલક્ષી રહ્યો છે. એ જ અભિગમને આગળ ધપાવતા રાજ્યની મહત્વકાંક્ષી સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટમાં ખાલી પડેલી શૈક્ષણિક જગ્યાઓ સીધી ભરતીથી ભરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિમણૂક ઓર્ડર આપવામાં થયેલા વિલંબ અંગે અનેક પરીક્ષાર્થીઓ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. પરીક્ષાર્થીઓની લાગણીને હકારાત્મક વાચા આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે પરામર્શ કર્યા બાદ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ભરતીને મંજૂરી આપી છે અને પસંદગી પામેલા ૨૬૮ ઉમેદવારોને નિમણૂક ઓર્ડર આપવામાં આવ્યા છે.

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા દેશના ખેડૂતો માટે અત્યાર સુધીમાં ૫૮૩ ખેત ઉપયોગી ભલામણો, ૦૪ પ્રાકૃતિક કૃષિલક્ષી ભલામણો, ૦૪ પેટેન્ટ અને ૬૮ જેટલી પાકોની નવી જાતો વિકસાવવામાં આવી છે, જેના પરિણામે કૃષિ ક્ષેત્ર વધુ સમૃદ્ધ અને દેશના આર્થિક વિકાસને સતત વેગ મળ્યો છે. આ યુનિવર્સિટીમાં છેલ્લા ઘણા સમયથી પ્રાધ્યાપકો તથા વૈજ્ઞાનિકોની જગ્યાઓ ખાલી હોવાના કારણે વિદ્યાર્થીઓના શિક્ષણ અને કૃષિ સંશોધનો પર તેની સીધી અસર થતી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ બાબતને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ ઘણા સમયથી ખાલી પડેલી શૈક્ષણિક જગ્યાઓ ભરવા માટે તાત્કાલિક મંજૂરી આપી હતી. રાજ્ય સરકારની મંજૂરી બાદ યુનિવર્સિટી દ્વારા પ્રાધ્યાપક સંવર્ગની ૪૦ જગ્યાઓ, સહ પ્રાધ્યાપક સંવર્ગની ૭૩ જગ્યાઓ અને મદદનીશ પ્રાધ્યાપક સંવર્ગની ૧૫૫ જગ્યાઓ મળી કુલ ૨૬૮ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરવામાં આવી હતી.

દેશનું ભવિષ્ય નિર્ધારિત કરતા આ પ્રાધ્યાપકોની ભરતી પ્રક્રિયાના સંપૂર્ણ પારદર્શિતા સાથે પૂર્ણ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પગલાઓ લેવામાં આવ્યા હતા અને બે ઓબ્ઝર્વરની નિમણૂક પણ કરવામાં આવી હતી. ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઘણા સમયથી નિમણૂક ઓર્ડરની રાહ જોતા અનેક પરીક્ષાર્થીઓ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી. જેને ધ્યાને લઈને સમગ્ર ભરતી પ્રક્રિયા તથા બે ઓબ્ઝર્વરના અહેવાલની સમીક્ષા કર્યા બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના સૂચનથી ભરતીને મંજૂરી આપવામાં આવી છે અને ગત તા. ૦૫ ડિસેમ્બરના, ૨૦૨૫ના રોજ ૨૬૮ પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂક ઓર્ડર પણ એનાયત કરી દેવામાં આવ્યા છે.

આ સફળ ભરતીને કારણે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીને યોગ્ય શૈક્ષણિક અને સંશોધન સ્ટાફ મળ્યો છે. જેના પરિણામે હવે કૃષિ શિક્ષણ અને કૃષિ સંશોધનના કાર્યને નવું ચાલક બળ મળશે તથા દેશના ખેડૂતોને આધુનિક કૃષિ જ્ઞાનનો મહત્તમ લાભ મળી શકશે. આ નિર્ણય યુવા શક્તિ અને કૃષિ ક્ષેત્રના વિકાસ પ્રત્યેની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે, તેમ જણાવી સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ અને રજીસ્ટ્રારશ્રીએ મુખ્યમંત્રીશ્રી તેમજ કૃષિ મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

- નિતિન રથવી

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૂચનાને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ હવા પ્રદૂષણ ઘટાડવા શહેરી વિકાસ વિભાગ એક્શન મોડમાં

શિયાળાની શરૂઆત સાથે જ રાજ્યના મહાનગરોમાં વધી રહેલી હવા પ્રદૂષણની માત્રાને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં હવા પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ ચર્ચા-વિચારણા દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ હવા પ્રદૂષણથી ભવિષ્યમાં થનારી ગંભીર અસરોને ધ્યાને લઈને અત્યારથી જ એલર્ટ થવા તેમજ પ્રદૂષણને અટકાવવા માટે રાજ્ય સરકારના દરેક વિભાગને સાથે રાખીને વિસ્તૃત એક્શન પ્લાન તૈયાર કરવા માટે ઉચ્ચ અધિકારીશ્રીઓને સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીશ્રીની સૂચનાનુસાર શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવશ્રીએ રાજ્યની તમામ ૧૭ મહાનગરપાલિકાઓના મ્યુનીસીપલ કમિશનરશ્રીઓ અને ૬ પ્રાદેશિક નગરપાલિકાઓના કમિશનરશ્રીઓ સાથે વર્ચ્યુઅલ બેઠક યોજીને હવા પ્રદૂષણને અટકાવવા અંગેની ચર્ચા કરી હતી. આ બેઠકમાં તેમણે શહેરી વિસ્તારોમાં ચાલતા બાંધકામની વિવિધ સાઈટનું ઈન્સ્પેક્શન કરીને પ્રદુષણને નિયંત્રણમાં લેવાના પગલા ભરવા સૂચના આપી હતી. બેઠક બાદ મહાનગરપાલિકાઓએ તાત્કાલિક ધોરણે સાઈટ ઈન્સ્પેક્શનની કામગીરી શરુ કરી હતી. આ દરમિયાન મહાનગરોમાં બાંધકામ ચાલુ હોય તેવી કુલ ૨,૯૬૧ સાઈટ પૈકી માત્ર ત્રણ જ દિવસમાં ૨,૬૦૦થી વધુ સાઈટનું ઈન્સ્પેક્શન પૂર્ણ કરવામાં આવ્યું છે. જેમાં જૂની ૦૮ મહાનગરપાલિકાની કુલ ૧,૫૬૩ સાઈટ પૈકી ૧,૩૦૩ સાઈટ તેમજ નવી ૦૯ મહાનગરપાલિકાની કુલ ૧,૩૯૮ સાઈટ પૈકી ૧,૩૦૦ સાઈટનું ઈન્સ્પેકશન પૂર્ણ થયું છે. વધુમાં, પ્રાદેશિક કમિશનરશ્રી નગરપાલિકાઓની કચેરી હેઠળની નગરપાલિકાઓમાં પણ કુલ ૭૭૧ સાઈટ પૈકી તમામ સાઈટનું ઈન્સ્પેકશન પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ઈન્સ્પેકશન દરમિયાન જૂની ૦૮ મહાનગરપાલિકાની ૫૦૬ સાઈટને દંડ કરીને રૂ.૧૨૨.૮૨ લાખ પેનલ્ટી તેમજ નવી ૦૯ મહાનગરપાલિકાની ૩૫ સાઈટને દંડ કરીને રૂ. ૧.૦૫૮ લાખ પેનલ્ટીની વસૂલાત કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીની સૂચનાને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈને હાલમાં શહેરી વિકાસ વિભાગ દ્વારા દૈનિક ધોરણે ઉપરોક્ત બાબતે સમીક્ષા તથા મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે.

- નિતિન રથવી

# જૂનાગઢમાં રેતીના સપ્લાયર પાસે ૨.૫૦ લાખ રૂપિયાની માગ કરીને ૩ શખ્સોએ કરી મારપીટ

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢમાં રહેતા અને ઉત્તર ગુજરાતમાં રેતી સપ્લાય કરવાનું કામ કરતા એક ધંધાર્થીને છોટા ઉદેપુરના શખ્સ સહિતના ત્રણ શખ્સોએ ધંધાના પૈસા બાબતે ધાક-ધમકીઓ આપીને અઢી લાખ આપી દેજે નહિતર મારી નાખીશું કહીને મારપીટ કરી હોવાની ફરિયાદ પોલીસ દફતરે નોધાઈ છે. જૂનાગઢમાં ટીંબાવાડી સિધ્ધાર્થનગરમાં રહેતા અને મધુરમમાં એપ્લવુડમાં રેતી સપ્લાયની ઓફીસ ધરાવતા રોહિત ગોવિંદ મિયાત્રા ઉ.૩૯ ને ઉત્તર ગુજરાતમાં રેતી સપ્લાય કરવાનું કામ કરે છે, અને તેઓને જુલાઈ-૨૦૨૫ માં સુરતમાં રેતી સપ્લાય કરવાનું કામ ચાલુ હોવાથી રેતી માટે વાહનોની જરૂર હતી, જેથી છોટા ઉદેપુરના સાગર ભગવાનજી સોઢયા નામના શખ્સનું ડમ્પર પ્રતિ ટન ૭૫૦ લેખે ચાર મહિના સુધી ચલાવ્યું હતું, જે કામના કાચા હિસાબ પેટે ૭૦ હજાર રૂપિયા સાગરને આપવાના થતા હતા.પરંતુ સાગરે અઢી લાખ આપવાના થાય છે,તેમ કહીને અવાર નવાર ફોનમાં ધમકીઓ આપીને ગઈકાલે બપોરે ધંધાની વાત કરવાન બહાને અજય કાગડા અને કારૂ કારેણાએ બોલાવીને ઝાંઝરડા ચોકડી એ આવેલ એવર સાઈન નામના કોમ્પ્લેક્ષમાં પહેલા માળે ઓફિસમાં ગયેલા ત્યારે ત્યાં સાગર આવ્યો અને તેમણે રોહિતને ઝાપટો મારીને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરીને અઢી લાખ આપી દેજે નહી મારી નાખવાની ધમકી આપી હતી, જે અંગે સાગર, અજય અને કારૂ સામે બી ડિવીઝન પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

# દિલ્હી-એનસીઆરમાં ઠંડી વધુ તીવ્ર બનવાની શક્યતા

**જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના ઊંચા વિસ્તારોમાં ભારે વરસાદ અને હિમવર્ષા થવાની ધારણા**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણ ભયાનક રીતે તબાહી મચાવી રહ્યું છે. સરેરાશ AQI ૩૦૪ પર રહે છે, ઘણી જગ્યાએ ૪૦૦ની નજીક પણ પહોંચી ગયો છે. દરમિયાન દિલ્હી-એનસીઆરમાં પણ તીવ્ર ઠંડી પડી રહી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે દિલ્હી-એનસીઆરમાં ઠંડી વધુ તીવ્ર બનવાની શક્યતા છે.

પર્વતોમાં પશ્ચિમી વિક્ષેપને કારણે ૮ ડિસેમ્બર સુધી ત્રણ દિવસ માટે જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના ઊંચા વિસ્તારોમાં ભારે વરસાદ અને હિમવર્ષા થવાની ધારણા છે. આનાથી દિલ્હી-એનસીઆર, પંજાબ, હરિયાણા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશ (યુપી)માં તીવ્ર ઠંડી વધુ તીવ્ર બનવાની ધારણા છે. હવામાન વિભાગે બિહાર, ઝારખંડ અને ઉત્તરપૂર્વમાં ગાઢ ધુમ્મસનું એલર્ટ પણ જારી કર્યું છે. હવામાન વિભાગનું માનવું છે કે ઉત્તરીય ક્ષેત્રમાં બે પશ્ચિમી વિક્ષેપ સર્જાઈ રહ્યા છે. પરિણામે જમ્મુ-કાશ્મીર અને પર્વતીય રાજ્યોમાં ત્રણ દિવસ માટે ભારે વરસાદ અને હિમવર્ષા થવાની ધારણા છે. આની સીધી અસર પંજાબ, હરિયાણા અને દિલ્હીથી ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના મેદાનો સુધી થવાની શક્યતા છે. ઠંડા પવનો ગુજરાત, વિદર્ભ અને તેલંગાણામાં ફેલાશે. ૮ ડિસેમ્બર પછી આ વિસ્તારોમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાની ધારણા છે. રાજસ્થાનના કેટલાક જિલ્લાઓમાં સવારના હિમવર્ષા સાથે અનેક રાજ્યોમાં ઠંડીની સ્થિતિ વિકસી શકે છે.હવામાન વિભાગે જણાવ્યું હતુ કે ૭ અને ૮ ડિસેમ્બરે પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હી, ઉત્તરપશ્ચિમ ઝારખંડ અને ઉત્તરીય આંતરિક ઓડિશાના કેટલાક વિસ્તારોમાં અને ૬ ડિસેમ્બરે ઉત્તર પ્રદેશ અને પૂર્વીય રાજસ્થાનમાં ઠંડીની સ્થિતિ યથાવત રહેશે. હવામાન વિભાગે લોકોને ઠંડીથી સુરક્ષિત રહેવાની સલાહ આપી છે.

હવામાન વિભાગે આગામી કેટલાક દિવસો માટે તાપમાનમાં મોટો ફેરફાર થવાની આગાહી કરી છે. ઉત્તર પશ્ચિમ ભારતમાં, આગામી ત્રણ દિવસ માટે લઘુત્તમ તાપમાનમાં 2-3°C નો વધારો થશે, ત્યારબાદ કોઈ નોંધપાત્ર ફેરફાર થશે નહીં. મહારાષ્ટ્રમાં આગામી ચાર દિવસ સુધી તાપમાન સ્થિર રહેશે, ત્યારબાદ 2-3°C ઘટાડો થશે અને ગુજરાતમાં સાત દિવસ સુધી કોઈ ખાસ ફેરફાર થશે નહીં. દરમિયાન, મધ્ય, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં, આગામી સાત દિવસ સુધી લઘુત્તમ તાપમાન યથાવત રહેશે. જો કે, પર્વતોમાં વરસાદને કારણે મેદાની વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો થવાની ધારણા છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ગુજરાતમાં ઓબીસીને ૫૪ ટકા અનામતની માંગ વધુ બની તેજ : વસ્તીના પ્રમાણમાં અનામત માટે રજુઆત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં ઓબીસી સમુદાય સાથે થઈ રહેલા અન્યાય અને અન્યાયને દુર કરવા માટે ઓબીસી સમુદાયના વિવિધ સંગઠનોના પદાધિકારીઓ, સમાજના નેતાઓ અને અન્ય લોકો દ્વારા આ વિષય પર રજુઆત કરવામાં આવી છે,

ભારતનુ બંધારણ અમલમાં આવ્યુ, એસસી અને એસટી સમુદાયોને અનામતનો લાભ મળ્યો છે, ૧૯૯૪ માં ૪૪ વરસ પછી અને ૨૦૦૬ માં ૪૫ વરસ પછી ઓબીસીને શૈક્ષણિક સંસ્થાઓમાં ૨૭ ટકા અનામત મળી હતી. ભારતના બંધારણની કલમ ૧૬ (૪) અને ૩૪૦ માં ઓબીસી સંબંધિત જોગવાઈઓ હોવા છતાં ઓબીસી સાથે ખુબ જ અયોગ્ય વ્યવહાર કરવામાં આવે છે જયારે ગુજરાતમાં ઓબીસીને ૨૭ ટકા અનામત આપવામાં આવી ત્યારે તેમાં ઓબીસીની ૮૨ જાતિઓ સામેલ હતી, પરંતુ તે ધીમે ધીમે નવી બની રહી છે, ૬૪ જાતિઓ ઉમેરવામાં આવી હતી પરંતુ અનામતની ટકાવારીમાં કોઈ વધારો થયો નથી, જો તામીલનાડુમાં ઓબીસી ની વસ્તી ૫૦ ટકા, તેલંગાણામાં ૪૨ ટકા, કેરળ માં ૩૦ ટકા અને આંધ્રપ્રદેશમાં ૩૯ ટકા છે તો ગુજરાતમાં કેમ નહી ? ૧૯૮૦ માં મંડળ આયોગે ૧૯૩૧ ની વસ્તી ગણતરી અનુસાર ઓબીસીની વસ્તીને ધ્યાનમાં લીધી હતી, બંધારણમાં એવી કોઈ જોગવાઈ નથી કે અનામતની મર્યાદા ૫૦ ટકા થી વધુ ન હોવી જોઈએ અને ઈડબલ્યુએસ ને આપવામાં આવતા ૧૦ ટકા અનામતને બદલે હવે અનામત ૫૦ ટકા થી વધારી શકાય છે, તામીલનાડુમાં ઓબીસી માટે ૫૦ ટકા અનામત સાથે કુલ ૬૯ ટકા અનામત છે, વસ્તીના સમાન હિસ્સાના સ્વભાવિક સિધ્ધાંત મુજબ ગુજરાતમાં ઓબીસીને તેમની વસ્તીના પ્રમાણમાં અનામત મળવી જોઈએ.

ઓબીસી સમુદાયની મુખ્ય માંગણીઓમાં (૧) ગુજરાતમાં ઓબીસી કમિશનને કાયદેસરનો દરજજો મળવો જોઈએ, સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ઓબીસી માટે ૫૪ ટકા અનામત જાતિ આધારીત વસ્તી ગણતરી ઝડપથી પુર્ણ થવી જોઈએ અને ત્યારબાદ ઓબીસી વસ્તીની ટકાવારી મુજબ કાયમી અનામત આપવી જોઈએ (૨) ઝવેરી કમિશનનો અહેવાલ તાત્કાલીક જાહેર કરો અને તેની ભલામણો અનુસાર પંચાયતો, નગરપાલિકાઓ અને મ્યુનિસીપલ કોર્પોરેશનની ચુંટણીમાં ઓબીસીની વસ્તી અનુસાર અનામત બેઠકો ફાળવો (૩) પોલીસ કોન્સ્ટેબલ અને પીએસઆઈની ભરતીમાં રન માર્કસ નોંધવા જોઈએ (૪) સામાન્ય માટે લઘુત્તમ પાત્રતા માપદંડ ૩૦ ટકા, ઓબીસી અને ઈડબલ્યુએસ માટે ૨૫ ટકા અને એસસી / એસટી માટે ૨૦ ટકા છે, ગુજરાતમાં ૪૦ ટકા ની અન્યાયી જોગવાઈઓને દુર કરવી જોઈએ અને ઓબીસી માટે ૨૫ ટકાનુ ધોરણ નકકી કરવુ જોઈએ. (૫) ગુજરાતમાં ૮૦ ટકા વિદ્યાર્થીઓ આર્ટસ અને કોમર્સના છે, ભરતીમાં ગાણીતીક તર્ક નુ બિનજરૂરી મહત્વ ઘટાડવુ જોઈએ (૬) મહેસુલ તાલુકાઓની ભરતીના અન્યાયી નિયમો દુર કરવા જોઈએ, વર્ગ ૩ ની પરીક્ષામાંથી વર્ણાત્મક કાગળો દુર કરવા અને માત્ર એમસીકયુ પ્રકારની પરીક્ષા રાખવી (૭) સરકાર સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વિદ્યાર્થીઓને રૂપીયા ૨૦ હજારની નાણાંકીય સહાય પુરી પાડે છે આ પોર્ટલ સામાન્ય અને ઈડબલ્યુએસ ઉમેદવારો માટે આખુ વરસ ખુલ્લુ રહે છે, ઓબીસી વિદ્યાર્થીઓ માટે એક મહિના માટે વર્ષ માં માત્ર એક જ વાર અરજીઓ મંગાવવામાં આવે છે , ઓબીસી માટે પણ આખા વર્ષમાં છુટછાટ આપવી જોઈએ(૮) જો જીપીએસસી ઈન્ટરવ્યુમાં ઓબીસી વિદ્યાર્થીઓ સાથે અન્યાય થાય છે તો ઈન્ટરવ્યુ સમિતિની દરેક પેનલમાં ઓબીસીનો નિષ્ણાંત પ્રતિનિધિ હોવો જોઈએ (૯) જીપીએસસીની સીધી ભરતીમાં ઈન્ટરવ્યુનુ વેઈટેજ ૫૦ ટકા છે જે સુપ્રિમ કોર્ટના નિર્ણય મુજબ ઘટાડીને ૧૨.૨ ટકા કરવુ જોઈએ આ બોજ કોઈપણ રાજયમાં ૧૩ ટકા થી વધુ નથી (૧૦) જીપીએસસી પરીક્ષામાં મૌખિક ઈન્ટરવ્યુના ગુણ ૧૦૦ થી વધારીને ૧૫૦ કરવામાં આવ્યા છે, જીપીએસસીની મુખ્ય પરીક્ષામાંથી ગુજરાતી ભાષાના ગુણ દુર કરવામાં આવ્યા છે તેને અગાઉની જેમ અંતિમ મેરીટમાં ધ્યાનમાં લેવા જોઈએ (૧૧) જીપીએસસી પરીક્ષામાં તે ઉમેદવારો માટે આરક્ષણ નીતી લાગુ થવી જોઈએ જેમને પ્રારંભિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષા પછી ઈન્ટરવ્યુ પછી મુખ્ય પરીક્ષા માટે બોલાવવામાં આવે છે (૧૨) ખાનગી ક્ષેત્ર અને સહકારી ક્ષેત્રમાં ઓબીસી માટે અનામત જગ્યાઓ હોવી જોઈએ

દરેક પ્રદેશમાં તેનો હિસ્સો ઓબીસીની વસ્તીના પ્રમાણમાં નકકી જવો જોઈએ, પોલીસ કોન્સ્ટેબલ અને પીએસઆઈની ભરતીમાં રક્ષા શકિત યુનિર્વસિટીમાં અભ્યાસ કરતા ઉમેદવારોને આપવામાં આવતા વધારાના બોનસ ગુણ રદ કરવા જોઈએ, એસસી એસટી અને ઓબીસી સમુદાયને ઈડબલ્યુ એસ કેટેગરીમાં સામેલ કરવા જોઈએ, ઓબીસી સમુદાય તરફથી મારી સરકારને નમ્ર વિનંતી છે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (ઓબીસી) સમુદાયને વસ્તીના પ્રમાણમાં તાત્કાલીક ધોરણે ૫૪ ટકા અનામત આપવામાં આવે.

# દાણીલીમડામાં દિવ્યાંગ યુવતિ પર નરાધમે આચર્યુ દુષ્કર્મઃ ૩૦ સીસીટીવી કુટેજથી ઉકેલાયો કેસઃ આરોપી ૬ દિવસના રીમાન્ડ પર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં ૨૬ નવેમ્બર ની મધરાત્રે એક દિવ્યાંગ યુવતિ પર થયેલી દુષ્કર્મની ઘટનાએ સમગ્ર શહેરને હચમચાવી દીધુ હતું. યુવતિની માનસિક સ્થિતિ નબળી હોવાના કારણે તે રાત્રે એકલી જ પોતાના મકાનમાંથી નીચે ઉતરી રોડ પર આવી ગઈ હતી. તે સમયે જમાલપુર વિસ્તારમાં રહેતો મયુદીન બાદશાહ તેની નજરે ચઢયો, યુવતિને એકલી જોઈ તેણે મદદના બહાને વાત કરી અને દવાખાને લઈ જવાનુ કહી ચુપચાપ અંધારામાં આવેલી અવાવરૂ જગ્યાએ લઈ ગયો હતો જયાં યુવતિ સાથે દુષ્કર્મ આચર્યુ હતુ, પેટમાં દુઃખાવો થતા યુવતિ બાદમાં ઘરે પરત આવી હતી પરંતુ પેટમાં દુઃખાવાની ફરીયાદ થતા પરીવારજનોએ પુછતા યુવતિએ પોતાના શબ્દોમાં આખી ઘટના સમજાવી દીધી, ઘરના લોકોને ઘટનાની ગંભીરતા સમજાઈ ત્યારે તેમણે તરતજ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી, યુવતિ અગાઉ પરણિત હતી. પરંતુ માનસિક તબીયત નબળી હોવાથી તેને છુટાછેડા થઈ ગયા હતા. ૩૦ થી વધુ સીસીટીવી કુટેજ ચેક કર્યા ત્યારે આ મામલો એવા સ્થળે બન્યો હતો જયાં કોઈ સીસીટીવી હાજર ન હતા તેથી આરોપીને શોધવો પડકારજનક બન્યો હતો, આ કેસ ક્રાઈમ બ્રાન્ચને સોંપતા ક્રાઈમ બ્રાન્ચ ટીમે દાણીલીમડા વિસ્તારમાંથી તથા ઘટનાના સમયના કુલ ૩૦ થી વધુ સીસીટીવી કુટેજ ચેક કર્યા જેમાં એક કુટેજમાં દેખાતા પડછાયાના આધાર પર તપાસ આગળ વધારી હતી. યુવતિએ આપેલા વર્ણન અને હ્યુમન સોર્સીસ ની મદદથી આખરે ટીમ મયુદ્દીન સુધી પહોચી ગઈ હતી અને તેને ઝડપી લીધો હતો. ૬ દિવસના પોલીસ રીમાન્ડ મંજુર કરાયા છે, આરોપી મયુદ્દીન બાદશાહનો ગુન્હાહીત ઈતિહાસ ખુબ જ ગંભીર છે તેની સામે ૧૫ થી વધુ ગુન્હા નોંધાયેલા છે, તે અગાઉ બે વખત પાસા હેઠળ જેલમાં ગયેલો છે, તેમજ તેને તડીપાર પણ કરવામાં આવ્યો હતો, ક્રાઈમ બ્રાન્ચના સુત્રોએ જણાવ્યુ હતુ કે આરોપીની માનસિક અને વર્તન પ્રોફાઈલ અત્યંત ખતરનાક છે. ક્રાઈમ બ્રાન્ચે આરોપીને કોર્ટમાં રજુ કર્યો હતો જયાંથી તેણે ૬ દિવસનો પોલીસ રીમાન્ડ મંજુર કરાયો છે, તપાસ હજુ ચાલુ છે અને પોલીસ હવે વધુ પુરાવા એકત્ર કરી રહી છે.

### સશસ્ત્ર સેના ધ્વજ દિવસમાં યથાશકિત યોગદાન આપી સહભાગી થવા કલેકટરની અપીલ

# સાબરકાંઠા જિલ્લા કલેકટર લલીત નારાયણ સિંધ સાંદુ એ સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણીમાં ફાળો આપી પ્રારંભ કરાવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સાબરકાંઠા જિલ્લા કલેકટર લલીત નારાયણ સિંધ સાંદુ સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણીના ભાગરૂપે સશસ્ત્ર સેના ધ્વજ દિવસના ભંડોળમાં ફાળો આપીને પ્રારંભ કરાવ્યો હતો.

સેનાના જવાનોના સાહસ , શૌર્ય, અનન્ય બલીદાનનુ સ્મરણ કરવા અને તેમનુ સન્માન કરવા સમગ્ર દેશમાં સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જિલ્લા કલેકટરે ફાળો આપીને સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો. માં ભોમની રક્ષા કાજે જવાનો સરહદ ઉપર યુધ્ધ માં આતંકવાદીઓ સાથેની લડાઈમાં પ્રાણ ન્યોછાવર કરી દેશ માટે મહાન કુરબાની આપે છે આવા શહિદ થયેલા જવાનોના કુટુંબીજનો, સૈનિકો અને પૂર્વ સૈનિકોના કલ્યાણ અર્થે અને તેઓને સંકટ /માંદગીના સમયે નાણાંકીય સહાય આપવા યથાશકિત યોગદાન આપી સહભાગી થવા જિલ્લા કલેકટરે અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રની રક્ષા માટે બલીદાન આપનાર સૈનિકોના પરીવારજનો સન્માનભેર પોતાના જીવન જીવી શકે તેમજ યુધ્ધ ની સૈનિક કાર્યવાહીમાં શારીરિક ક્ષતિગ્રસ્ત થવાના કારણે સેવા નિવૃત્ત સૈનિકોના પુનઃ વસવાટ અને તેઓના પરીવારજનો માટે વિવિધ કલ્યાણકારી કાર્યોમાં સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળનો ઉપયોગ કરવામાં આવે છે.

### દેશના જીડીપીમાં સહકાર ક્ષેત્રનુ યોગદાન ત્રણ ગણુ વધારવાની કેન્દ્ર સરકારની નેમ

# ગ્રામ પંચાયત દીઠ એક સહકારી સંસ્થાઃ ૫૦ કરોડ સક્રિય સભાસદો બનાવાશેઃ કેન્દ્રીય સહકાર મંત્રી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સહકારી ક્ષેત્રના વિકાસ માટે દરેક ગ્રામ પંચાયત દીઠ એક સહકારી સંસ્થા બનાવાશે અને દેશભરમાં ૫૦ કરોડથી વધુ સક્રિય સહકારી સભાસદો બનાવવામાં આવશે તેવી જાહેરાત કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કરી હતી. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્માં મંદિર ખાતે બે દિવસીય અર્થ સમિટ ૨૦૨૫-૨૬ નો શુભારંભ કરાવ્યો હતો.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આ પ્રસંગે જણાવ્યુ હતુ કે ગ્રામીણ અર્થ વ્યવસ્થાને દેશના અર્થ તંત્રમાં સૌથી મોટો ફાળો આપનાર ક્ષેત્ર બનાવવા માટે ૩ અર્થ સમિટની શ્રેણી આયોજન કરવામાં આવ્યુ છે જેની દ્રિતિય આવૃત્તિનુ મહાત્મા ગાંધીજીની ભુમિ ગુજરાતમાં આયોજન કરવામાં આવ્યુ છે. ભારતના વિકાસની પરીકલ્પના તેના ગ્રામીણ વિસ્તારને બાજુમાં રાખીને કયારેય ન થઈ શકે, તેમ મહાત્મા ગાંધીજીએ આઝાદી પહેલા જ કહ્યુ હતુ, દુર્ભાગ્યવશ ગ્રામીણ વિકાસના ૩ મહત્વપૂર્ણ અંગ કૃષિ , પશુપાલન અને સહકાર ક્ષેત્રને આઝાદી બાદના અનેકવરસો સુધી નજરઅંદાજ કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૪ માં વડાપ્રધાન તરીકેનો પદભાર સંભાળ્યા બાદ નરેન્દ્ર મોદીએ ફરી એકવાર મહાત્મા ગાંધીના મંત્રને પુનઃ જીવિત કરવા માટે આ ત્રણેય ક્ષેત્રના વિકાસ પર ભાર મુકીને દેશમાં નવા પરીવર્તનની શરૂઆત કરી હતી. દેશની ૮૦ ટકા વસ્તીનુ ભવિષ્ય નિર્ધારીત કરતા ગ્રામીણ વિકાસ, કૃષિ અને સહકારીતા મંત્રાલયને વધુ સુદ્રઢ અને પરીણામલક્ષી બનાવવા માટે વડાપ્રધાને આ ત્રણેય મંત્રાલયના સંયુકત બજેટમાં વર્ષ ૨૦૧૪ થી અત્યાર સુધીમાં ત્રણ ઘણો વધારો કર્યો છે. વર્ષ ૨૦૧૪ માં આ ત્રણેય મંત્રાલયનુ સંયુકત બજેટ રૂપીયા ૧.૦૨ લાખ કરોડ હતુ જે વર્ષ ૨૦૨૫-૨૬ માં રૂપીયા ૩.૧૫ લાખ કરોડ થી વધુ થયુ છે, વધુમાં શાહે કહ્યુ હતુ કે દેશની આઝાદીના ૧૦૦ વરસ પુર્ણ થાય ત્યારે વૈશ્વિકસ્તરે દરેક ક્ષેત્રે ભારત પ્રથમ નંબરે હોય તેવો સમગ્ર દેશ વાસીઓનો સંકલ્પ છે. આ પૂર્ણ વિકસિત ભારતની કલ્પના દેશના દરેક નાગરીકની સુખાકારી વિના શકય નથી, નાગરીકોની સુખાકારી અને સહકારી ક્ષેત્રના વિકાસ માટે આવનારા સમયમાં દેશ ની દરેક પંચાયત દીઠ એક સહકારી સંસ્થા તેમજ સમગ્ર દેશમાં ૫૦ કરોડથી વધુ સક્રિય સહકારી સભાસદો બનાવીને દેશની જીડીપીમાં સહકાર ક્ષેત્રનુ યોગદાન ત્રણ ઘણુ વધારવાનુ ભારત સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યુ છે. અર્થ સમિટની થીમ એમ્પવારીંગ રૂરલ ઈનોવેશન ફોર ગ્લોબલ ચેન્જનો ઉલ્લેખ કરતા શાહે કહ્યુ હતુ કે નાના નાના બદલાઓ અને નવા ચાર થી ગ્રામીણ ક્ષેત્રનો દેશના અર્થતંત્રમાં ફાળો તથા નાગરીકોની સુવિધા કઈ રીતે વધી શકે તે દિશામાં ચિંતા, ચિંતન અને પરીણામલક્ષી ચર્ચાઓ કરવી એ જ આ અર્થ સમિટનો મુખ્ય લક્ષ્ય છે. આ સમિટના અમૃત ચિંતન થી દેશની ગ્રામીણ અર્થ વ્યવસ્થાના અનેક મોટા પડકારોનો ઉકેલ લાવી શકાશે તેવો તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો. કેન્દ્રીય મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે ગુજરાતમાં બનાસકાંઠા અને પંચમહાલમાં કો.ઓપરેશન એમોંગ્સ કો. ઓપરેટીવનો એક સફળ પ્રયોગ કરાયો છે. જે અંતર્ગત દરેક કો. ઓપરેટીવ સંસ્થાનુ બેંક એકાઉન્ટ અને તેની બચત કો. ઓપરેટીવ બેંકમાં જ કાર્યાન્વિત કરવામાં આવ્યુ છે. આ પ્રયોગના આશ્ચર્યજનક પરીણામો મળ્યા છે અને કો.ઓપરેટીવ બેંકોમાં હજારો કરોડની લો કોસ્ટ ડીપોઝીટ વધી છે. આ મોડલના સફળ પ્રયોગમાં ધ્યાને આવેલી નીતી વિષયક બાબતોમાં સુધારા વધારા સમગ્ર દેશમાં આ મોડલ અમલમાં મુકવામાં આવશે.

### શહેરના બસસ્ટેન્ડ નજીક મોચીવાસમાં એસઓજીએ દરોડો પાડી ૧૭૬ બોટલો કબ્જે કરી

# સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરમાંથી નશીલી કફ સિરપનુ નેટવર્ક ઝડપાયું : ૩ આરોપી શખ્સો પાસેથી ૧૭૬ બોટલો કબ્જે કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર સહિત જિલ્લાના યુવા ધનને નશાના રવાડે ચડાવતુ મસમોટુ રેકેટ એસઓજી પોલીસે ઝડપી પાડયુ છે, જિલ્લા પોલીસની સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (એસઓજી) ની ટીમે બાતમીના આધારે હિંમતનગર શહેરના બસસ્ટેન્ડ નજીક આવેલા મોચીવાસ વિસ્તારમાં દરોડો પાડયો હતો. આ દરોડામાં કુલ ૩ આરોપી શખ્સોને ઝડપી લઈને ૧૭૬ જેટલી નશીલી કફ સિરપની બોટલો કબ્જે કરી હતી. ઝડપાયેલા આરોપીઓમાં ૧૮ વર્ષીય કરણ પરમાર અને ૪૦ વર્ષીય નિલેષ પ્રજાપતિનો સમાવેશ થાય છે. પોલીસ તપાસમાં બહાર આવ્યુ હતુ કે દર્શન પરમાર નામનો શખ્સ નિલેષ પ્રજાપતિને આ સિરપનો જથ્થો પુરો પાડતો હતો, પાસેથી ૧૪૮ નંગ લેબલ વાળી નશીલી દવાઓ મળી આવી હતી, જેમાં ટીપ્રોલીડીન હાઈડ્રોકલોરાઈડ એન્ડ ફોસ્ફેટ સિરપ નો સમાવેશ થાય છે.

કરણ પરમાર અને દર્શન પરમાર પાસેથી લેબલ અને માર્કા વગરની કુલ ૨૮ જેટલી સિરપની બોટલો મળી આવી હતી.

પોલીસે ત્રણેય આરોપી અને મુદ્દા માલ સાથે ઝડપી લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ કાર્યવાહીથી સાબરકાંઠા જિલ્લામાં નશીલી કફ સિરપોના વેચાણ નેટવર્કનો એસઓજી પોલીસે પર્દાફાશ કર્યો છે.

# અરવિંદ કેજરીવાલ ગુજરાતના આજથી બે દિવસના પ્રવાસે : અરવિંદ કેજરીવાલ બે દિવસ રાજકોટમાં રોકાશે

પ્રતિનિધિ,ગાંધીનગર



આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્લીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજથી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે, આજે ૭ ડીસેમ્બર ના રોજ અરવિંદ કેજરીવાલ ગુજરાત પહોચશે, સાંજે રાજકોટ એરપોર્ટ ખાતે આવશે અને બે દિવસ રાજકોટમાં જ રોકાશે,

દરમિયાન બીએલઓની વેદના અને ખેડુત આપઘાત, આ ઘટના બાબતે રણનીતી તૈયાર કરવામાં આવશે, મહત્વનુ છે કે હડદડ માં જે ખેડુતો છુટેલા છે તેમનુ સન્માન કરવાનો કાર્યક્રમ પણ યોજવામાં આવશે, આ કાર્યક્રમની જાણકારી આપતા પ્રદેશ સંગઠન મંત્રી મનોજ સોરઠીયાએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે અમારા પર જે હુમલાઓ થશે, તેને અમે આભુષણ સમજીને સ્વીકારીશુ, હેમંત ખવા કોંગ્રેસના નેતા હતા અને તેઓ હાલ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય છે એટલે હુમલો કરનાર સાથે એમનો ફોટો જુનો હોઈ શકે છે, સોરઠીયાએ કેજરીવાલના ગુજરાત પ્રવાસની માહીતી આપતા જણાવ્યુ હતુ કે ભાજપના કાર્યકર્તાઓએ ઘણી સભાઓ ડીસ્ટર્બ કરવાનો પ્રયાસ કર્યો અને તેમાં ભાજપની બદનામી થતી હતી એટલે હવે કોંગ્રેસને આગળ કરાઈ રહી છે, આમ આદમી પાર્ટી કોંગ્રેસનો વિરોધ કરે છે પણ દારૂબંધી માટે સમર્થન છે, આમ આદમી પાર્ટી હંમેશા દારૂ અને ડ્રગ્સ વિરોધી રહી છે, લોકતંત્રની અંદર પોતાની વાત રજુ કરવાનો અને વિરોધ કરવાનો લોકોને અધિકાર છે,

### બોર્ડના નવા ટાઈમ ટેબલથી વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં

# ૧૨ સાયન્સના NEETના વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મૂકાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધૂળેટીના દિવસે પેપર રાખવામાં આવ્યા બાદ ભૂલ સુધારી રિવાઈઝ્ડ ટાઈમ ટેબલ જાહેર કરવામાં આવ્યું. જોકે તેમાં ધોરણ ૧૨ સાયન્સના બી ગ્રુપના વિદ્યાર્થીઓની પરીક્ષા ૧૩ ને બદલે ૧૬ માર્ચે પૂર્ણ થઈ રહી છે અને આ વખતે મેડિકલના વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં એડમિશન માટેની NEET ની પરીક્ષા ૪ ને બદલે ૩ મે ના લેવાઈ રહી છે. ગત વર્ષે બોર્ડની પરીક્ષા ૧૦ માર્ચે જ પૂર્ણ થઈ ગઈ હતી. જેથી ગત વર્ષની તુલનામાં આ વખતે NEET ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને રીવિઝન માટેનો ૭ દિવસનો ઓછો સમય મળશે. NEET ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ૮૦ ચેપ્ટર ભણવાના આવતા હોય છે. જેમાં તેઓ દરરોજના એવરેજ ૫ ચેપ્ટર રીડિંગ કરતા હોય છે એટલે સાત દિવસના ૩૫ ચેપ્ટરનું રિમિશન લઈ થઈ શકે. જેથી વાલીઓ માંગ કરી રહ્યા છે કે મેડિકલના વિદ્યાર્થીઓને તેના જીવનની સૌથી મોટી અને મહત્વની ગણાતી આ પરીક્ષામાં રીડિંગ માટેનો વધુ સમય મળે તે માટે બોર્ડની પરીક્ષાના સમય પત્રકમાં ફેરફાર કરવામાં આવે. રાજકોટના વાલી મેઘાબેને જણાવ્યું હતું કે મારો પુત્ર ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓ માટેની પરીક્ષાનું રીવાઈઝડ ટાઈમ ટેબલ જાહેર કરવામાં આવ્યું છે જે મુજબ પહેલા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓનું બાયોલોજીનું પેપર તા. ૪ માર્ચના લેવાનું નક્કી કરાયું હતુ. તે રિ શેડયુલ કરી તા. ૧૬ માર્ચના લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેને લીધે દર વર્ષે બોર્ડની પરીક્ષા ૧૦ કે ૧૧ માર્ચે પૂરી થઈ જતી હોય છે તે આ વર્ષે ૧૬મી માર્ચે પૂર્ણ થશે. આ સાથે જ NEET ની પરીક્ષા કે જેના આધારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને મેડિકલમાં ઉચ્ચ અભ્યાસ માટે એડમિશન મળતું હોય છે તે એક્ઝામ પણ ૪ ને બદલે ૩ મે ના રોજ લેવાશે. જે થોડી વહેલી છે અને તેને કારણે વિદ્યાર્થીઓને રિવિઝનનો સમય ઘટી ગયો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આપણે સૌ જાણીએ છીએ કે નીટની પરીક્ષામાં એક માર્ક ઓછો હોય તો પણ હજારો રેન્કનો ફર્ક પડી જાય છે અને તેથી વિદ્યાર્થીઓને સરકારી મેડિકલ કોલેજમાં પ્રવેશમાં મુશ્કેલી પડે છે. જેથી ગુજરાત બોર્ડ અને સરકારને વિનંતી છે કે વિદ્યાર્થીઓને રીડિંગનો વધુ સમય મળે તે માટે ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષાની તારીખોમાં થોડો ફેરફાર કરવામાં આવે. જ્યારે અન્ય વાલી કિલોલભાઈએ જણાવ્યું હતું કે, મારી દીકરી ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરે છે. અમને ન્યુઝના માધ્યમથી ખબર પડી છે કે પહેલા ધોરણ ૧૨ સાયન્સ બી ગ્રૂપનું પેપર તા.૪ માર્ચના ધુળેટીના દિવસે હતું તે હવે બદલીને તા. ૧૬ માર્ચે રાખવામાં આવ્યું છે. ગત વર્ષે બોર્ડની પરીક્ષા ૧૦મી માર્ચ પૂરી થઈ ગઈ હતી અને નીટની પરીક્ષા પણ ૪ મે ના રોજ હતી. જેથી ગત વર્ષે ધો.૧૨ સાયન્સના બી ગ્રુપના વિદ્યાર્થીઓને નીટની પરીક્ષાની તૈયારી માટે ૭ દિવસનો ઘટાડો થાય છે.

# કાપડના વેપારી સાથે ક્રિપ્ટોકરન્સીમાં રોકાણના નામે રૂ.૧૭ લાખની છેતરપિંડી થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના એક કાપડના વેપારી સાથે ક્રિપ્ટોકરન્સીમાં રોકાણના નામે રૂ.૧૭ લાખની છેતરપિંડી થઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. વેપારીએ Google પર ક્રિપ્ટો ખરીદવા માટે કંપની સર્ચ કરીને તેમની સાથે વાતચીત શરૂ કરી હતી. કંપનીના કહેવાતા 'એડવાઈઝરે' તેમને ઊંચા નફાની લાલચ આપીને વિશ્વાસમાં લીધા, જેના કારણે વેપારીએ જુદા-જુદા ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ.૧૭,૦૦,૦૦૦ નું રોકાણ કર્યું. જોકે, જ્યારે વેપારીએ પોતાનો નફો અને રોકાણ કરેલી રકમ પરત માગી, ત્યારે તેમને કોઈ રકમ આપવામાં આવી નહોતી અને તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનું જાણવા મળ્યું. આખરે, વેપારીએ અજાણ્યા ઠગ શખ્સો વિરુદ્ધ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.શીલજ વિસ્તારમાં કપડાની દુકાન ચલાવતા મહેન્દ્રભાઈ ચંદવાની ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરવાના ઈરાદે છેતરપિંડીનો ભોગ બન્યા છે. તેમના મિત્ર સાથેની વાતચીત દરમિયાન તેમને 'WEBULL' નામના ક્રિપ્ટો એક્સચેન્જ પ્લેટફોર્મ વિશે માહિતી મળી હતી. મહેન્દ્રભાઈએ ગૂગલ પર આ કંપનીની વેબસાઈટ સર્ચ કરીને તેના પર આપેલા નંબર દ્વારા સંપર્ક સાધ્યો હતો. ત્યારબાદ, કંપનીએ તેમનો સંપર્ક કરીને એક 'એડવાઈઝર' પૂરો પાડ્યો, જે મહેન્દ્રભાઈનું ક્રિપ્ટો એકાઉન્ટ હેન્ડલ કરતો હતો. વિશ્વાસ મૂકીને મહેન્દ્રભાઈએ શરૂઆતમાં રૂ.૫૦,૦૦૦ નું રોકાણ કર્યું હતું, જે રકમ તેમને WEBULLની વેબસાઈટમાં દેખાતી હતી. એડવાઈઝર પર વિશ્વાસ આવતા મહેન્દ્રભાઈએ વિવિધ ટ્રાન્ઝેક્શન દ્વારા ક્રિપ્ટોકરન્સી ખરીદવા માટે કુલ રૂ.૧૭ લાખનું રોકાણ કર્યું હતું. આ રોકાણના બદલામાં તેમને WEBULLની વેબસાઈટ પર નફા સાથે કુલ ૮૧,૯૫૮ યુએસ ડોલર દર્શાવવામાં આવ્યા હતા. જોકે, જ્યારે તેમણે આ રકમ ઉપાડવા માટે વિનંતી કરી ત્યારે તે સફળ થઈ નહોતી. ત્યારબાદ તેમની પાસેથી ૨૦% ટેક્સ ભરવાનું કહેવામાં આવ્યું હતું. મહેન્દ્રભાઈએ ટેક્સ ભરવાનો ઈનકાર કરીને પોતાની મૂળ રોકાણ કરેલી રૂ.૧૭ લાખની રકમ પરત માગી, પરંતુ તે પણ તેમને આપવામાં આવી નહોતી. આખરે, પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા મહેન્દ્રભાઈએ સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કર્યો અને આ અંગે ગુનો નોંધીને તપાસ શરૂ કરવામાં આવી છે.

## સરકારી અધિકારીઓ મંત્રીઓ -ધારાસભ્યોના ફોન રીસીવ કરતા ન હોવાની વાતો વચ્ચે હવે ગૃહમંત્રી-વિભાગના અધિકારીઓ મંત્રીઓની ભલામણો ધ્યાને ન લેતા કચવાટ



પોલીસ કર્મચારીઓની બદલીઓમાં મંત્રીઓની ભલામણો ધ્યાને ન લેતા કચવાટ અનુભવાયો : ગૃહ વિભાગ મંત્રીઓની ભલામણો કેમ ધ્યાને લેતુ નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના ગૃહ વિભાગ દ્વારા અથવા તો મંત્રી સંઘવીના કાર્યાલયે મંત્રીઓની ભલામણો ધ્યાને લેવામાં આવતી ન હોવાની બુમરોળ ઉઠવા પામી છે. લોકમુખે ચર્ચાયેલ મુજબ કેટલાક પાર્ટીના આગેવાનો દ્વારા આ અંગે ટવીટ કરી કેન્દ્રીય ગૃહમંત્રી અને પ્રદેશ કક્ષાએ રજુઆત કરવામાં આવી હોવાનુ જાણવા મળી રહ્યુ છે.

અગાઉ સરકારી અધિકારીઓ મંત્રીઓ અને ધારાસભ્યોના ફોન રીસીવ ન કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા દરમિયાનગીરી કરી સામાન્ય વહિવટ વિભાગ દ્વારા સુચના આપવામાં આવી હતી. જેમાં મંત્રીઓ અને ધારાસભ્યોના ફોનનો અવશ્ય જવાબ આપવો તેવા મુખ્યમંત્રી કક્ષાએથી આદેશો કરવામાં આવ્યા હતા. ત્યારે હવે ખુદ ગૃહ મંત્રી અને ગૃહ વિભાગના અધિકારીઓ જ મંત્રીઓની ભલામણો ધ્યાને ન લેતા ચર્ચાનો વિષય બનવા પામ્યો છે. અગાઉ પણ આ જ પ્રમાણે પૂર્વ મંત્રી મુળુભાઈ બેરા અને પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડની ભલામણો ધ્યાને લેવામાં ન આવતા જે તે વખતે પૂર્વ મંત્રી અને હાલના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને મંત્રી ઋષીકેશ પટેલ ને રજુઆતો કરવામાં આવી હતી અને તે વખતે મંત્રી ઋષીકેશ પટેલની ભલામણથી મુખ્યમંત્રીના અગ્રસચિવ અને પૂર્વ ગૃહ સચિવ મનોજદાસ ને મૌખિક રજુઆતો કરવામાં આવી હતી તેમ છતાં ગૃહ વિભાગ દ્વારા મંત્રીઓની ભલામણો ધ્યાને લેવામાં આવી ન હતી. આ અંગે મંત્રી ઋષીકેશ પટેલ દ્વારા ગૃહ મંત્રીને ફોન દ્વારા મંત્રીઓની ભલામણો ધ્યાને લેવા માટે સુચવ્યુ હતુ તે સમયે ગૃહ મંત્રી દ્વારા પણ મંત્રીઓની ભલામણો ધ્યાને લેવા ના બદલે મંત્રીએ પણ ઉડાઉ જવાબ આપી દીધો હતો. જેનુ ફરીવાર નવનિયુકત મંત્રીઓ સાથે બનવા પામ્યુ છે. ગૃહ વિભાગ દ્વારા બે દિવસ અગાઉ ૨૦૦ થી વધુ પોલીસ કર્મચારીઓની પોલીસ મહાનિરીક્ષક (વહીવટ)ગગનદીપ ગંભીર ગુજરાત રાજય ગાંધીનગર ની સહી થી જિલ્લા ફેર બદલીના ઓર્ડરો કરવામાં આવ્યા છે તેમાં પણ મંત્રીઓની ભલામણો ધ્યાને લેવામાં ન આવતા મંત્રી મંડળમાં નારાજગી વર્તાઈ જવા પામી છે.

## ગુજરાતમાં એક વરસમાં ક્રિમિનલ કેસોમાં ૩.૪૪ લાખનો વધારોઃ ટ્રાયલ કોર્ટમાં રોજેરોજ સરેરાશ ૧૦૨૮ નવા કેસ




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની ટ્રાયલ કોર્ટમાં એક વરસમાં ક્રિમિનલ કેસમાં ૩.૪૪ લાખનો વધારો થયો છે. ક્રિમિનલ કેસમાં થયેલો આ વધારો ગુજરાતમાં ગુન્હાખોરીના વધતા પ્રમાણને દર્શાવે છે. તો બીજી તરફ વર્ષ ૨૦૨૪ ની સરખામણીએ ૧ ડીસેમ્બર ૨૦૨૫ સુધીમાં સીવીલ કેસમાં ૧૫ હજાર જેટલો ઘટાડો નોંધાયો છે,

આ અંગે મળતી માહિતી અનુસાર ગુજરાતની ટ્રાયલ કોર્ટમાં ગયા વરસે ૧ ડીસેમ્બર સુધી ૧૨,૩૬,૫૨૪ હતા અને તે ૧ ડીસેમ્બર ૨૦૨૫ સુધી વધીને ૧૬,૦૮,૨૭૧ થયા છે. આમ ક્રિમિકલ કેસમાં ૩.૪૪ લાખનો વધારો નોંધાયો છે. આ સમયગાળા દરમિયાન ટ્રાયલ કોર્ટમાં ક્રિમિનલ કેસમાં સૌથી વધુ વધારો થયો હોય તેમાં પશ્ચિમ બંગાળ ૪.૩૩ લાખ સાથે મોખરે, ગુજરાત બીજા ક્રમે, મહારાષ્ટ્ર ૩.૩૭ લાખ સાથે ત્રીજા સ્થાને છે. ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડીંગ પડેલા કેસો તરફ નજર કરીએ તો (૧) ૨૦૨૧- ૧,૫૫,૦૦૬ (૨) ૨૦૨૨- ૧,૦૫,૬૨૫ (૩) ૨૦૨૩- ૧,૬૭,૮૨૫ (૪) ૨૦૨૪- ૧,૭૧,૯૪૮ (૫) ૨૦૨૫- ૧,૭૫,૦૯૨ તો બીજી તરફ નીચલી કોર્ટમાં રહેલા પેન્ડીંગ કેસો તરફ નજર કરીએ તો (૧) ૨૦૨૧-૧૯,૫૨,૨૬૨ (૨) ૨૦૨૨- ૧૭,૨૫,૯૩૯ (૩) ૨૦૨૩- ૧૫,૪૭,૨૭૬ (૪) ૨૦૨૪- ૧૫,૨૮,૭૯૪ (૫)૨૦૨૫- ૧૯,૪૭,૨૬૨

આ સ્થિતિએ એમ પણ કહી શકાય કે ગુજરાતની ટ્રાયલ કોર્ટમાં રોજેરોજ સરેરાશ ૧૦૨૮ કેસ નોંધાય છે. ગુજરાતની ટ્રાયલ કોર્ટમાં ૨૭ જેટલા કેસ ૩૦-૪૦ વરસથી, એક કેસ ૪૦ - ૫૦ વરસ થી પેન્ડીંગ હોવાનુ બહાર આવ્યુ છે. સમગ્ર દેશની ટ્રાયલ કોર્ટમાં ૪૭,૭૬૯ કેસ ૩૦-૪૦ વરસથી ચુકાદાની રાહ જોઈ રહ્યા છે.

તો બીજી તરફ સીવીલ કેસ ૧ ડીસેમ્બર ૨૦૨૪ સુધી ૩,૫૪,૭૨૭ હતા, તે ૧ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ ઘટીને ૩,૩૯,૦૪૫ થયા છે. આમ સીવીલ કેસમાં એક વરસમાં ૧૫,૬૮૨ નો ઘટાડો થયો છે.

રાજય પ્રમાણે જોઈએ તો (૧) પશ્ચિમ બંગાળમાં ૧ ડીસેમ્બર ૨૦૨૪ માં ૨૬,૯૦,૪૩૨ , ૧ ડીસેમ્બર ૨૦૨૫ માં ૩૧, ૨૩, ૫૭૧ જેમાં ૪,૩૩,૧૩૯ નો વધારો થયો છે. (૨) ગુજરાત ૧ ડીસેમ્બર ૨૦૨૪ ૧૨,૬૩,૬૫૪ , ૧ ડીસેમ્બર ૨૦૨૫ માં ૧૬, ૦૮, ૨૧૭ તેમાં ૩,૪૪,૫૬૩ નો વધારો થયો છે. (૩) મહારાષ્ટ્ર ૧ ડીસેમ્બર ૨૦૨૪ ૩૮,૩૮, ૩૧૬, ૧ ડીસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૪૧, ૭૫, ૬૧૭ જેમાં ૩,૩૭,૩૦૧ નો વધારો થયો છે. (૪) તામીલનાડુ ૧ ડીસેમ્બર ૨૦૨૪ ૭,૭૯,૧૭૧, ૧ ડીસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૧૦,૨૮,૫૨૭ જેમાં ૨,૪૯,૩૫૬ (૫) કર્ણાટક ૧ ડીસેમ્બર ૨૦૨૪ સુધી ૧૧,૭૬,૨૧૩, ૧ ડીસેમ્બર ૨૦૨૫ સુધી ૧૩,૧૭,૬૯૪ ક્રિમિનલ કેસ નોંધાયેલા જેમાં ૧,૪૧,૪૮૧ ક્રિમિનલ કેસોનો વધારો થયો છે.

ગુજરાત રાજયની ટ્રાયલ કોર્ટમાં ૧૫૬ સીવીલ કેસ ૩૦-૪૦ વરસથી, જયારે ૬ કેસ ૪૦-૫૦ વરસથી પેન્ડીંગ છે. સમગ્ર દેશમાં ૪૧૨૭ સીવીલ કેસ છેલ્લા ૪૦-૫૦ વરસથી પેન્ડીંગ હોવાની વિગતો સંસદમાં સરકારે રજુ કરી છે.

ગુજરાતની નીચલી કોર્ટોમાં સીવીલ કેસની સ્થિતિ તરફ નજર કરીએ તો (૧) ૧ ડીસેમ્બર ૨૦૨૪ સુધી ૩,૫૪,૭૨૭, (૨) ૧ ડીસેમ્બર ૨૦૨૫ સુધી ૩,૪૯,૦૪૫ સીવીલ કેસ નોંધાયેલા છે. તો બીજી તરફ નીચલી કોર્ટમાં ૩૦-૪૦ વરસથી ૧૫૬ કેસ પેન્ડીંગ છે. જયારે ૪૦-૫૦ વરસથી ૬ કેસ પેન્ડીંગ છે.

## આમ આદમી પાર્ટી નેતા સાગર રબારીના ખેડુતોની સહાય મામલે કર્યા ખુલાસાઃ ખેડુતોએ ભરેલા ફોર્મને ઓડીટ કર્યા હોવાના પુરાવા જાહેર કર્યા




પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં કમોસમી વરસાદના કારણે ખેડુતોને થયેલ હજારો કરોડોનુ નુકશાન મામલે સરકારે ૧૦ કરોડનુ પેકેજ તો જાહેર કર્યુ પરંતુ આ પેકેજમાં કડદો થયો હોવાનુ સાગર રબારીનુ કહેવુ છે, આમ આદમી પાર્ટી નેતા સાગર રબારીએ આ મુદ્દે ખુલાસો કરતા જણાવ્યુ હતુ કે કમોસમી વરસાદ થયો એમાં ખેડુતોને હજારો કરોડો રૂપીયાનુ નુકશાન થયુ, સરકારે સેટેલાઈટ સર્વે કર્યો અને ૧૦ હજાર કરોડનુ પેકેજ પણ જાહેર કર્યુ, ૪૨ લાખ હેકટરમાં નુકશાન થયાનુ પણ સરકારે જાહેર કર્યુ, આ તમામ વાતો બાદ પણ મને પુરેપુરો વિશ્વાસ હતો ભાજપની કડદો કરવાની ક્ષમતા પર તેવુ સાગર રબારીએ કહ્યુ હતુ અને ખેડુતોને મળવાની સહાયમાં કડદો થઈ ગયો એનો પુરાવો આપતા કહ્યુ હતુ કે અત્યાર સુધી ૨૯ લાખ ૮૦ હજાર અરજીઓ ખેડુતોએ સરકારમાં જમા કરાવી, જે લોકોને કમોસમી વરસાદમાં નુકશાન થયુ હતુ.

સરકારે માત્ર ૩ લાખ ૨૯ હજાર ખેડુતોને સહાય ચુકવી અને બાકીના ખેડુતોને કયારે સહાય ચુકવશે એની સરકારે કોઈ ચોખવટ કરી નથી, ભાજપની કડદો કરવાની ક્ષમતા પર મને પુરો વિશ્વાસ છે એ કહેવાનુ કારણે એ હતુ કે મારી પાસે હાલ બે ફોર્મ આવ્યા છે, પહેલુ ફોર્મ છે જેમાં વીસીઈ પાસે ખેડુતે અરજી ફોર્મ જમા કરાવ્યુ છે આ ફોર્મમાં ખેડુતના ખેતરનો સર્વે નંબર ૨૩૩ તેનુ ક્ષેત્રફળ છે, ૦.૩૬૭૫ હેકટર નુકશાન નો વિસ્તાર પુરેપુરો, સર્વે નંબર ૪૭૪ ક્ષેત્રફળ છે, ૦.૩૮૮૧ હેકટર તેમાં નુકશાન છે પુરેપુરૂ, સર્વે નંબર ૬૧૬ છે ક્ષેત્રફળ ૦.૪૩૫૨ હેકટર અને નુકશાન છે પુરેપુરૂ, કુલ વિસ્તાર હતો ૧.૧૯૦૮ હેકટર અને કુલ નુકશાન ગ્રસ્ત વિસ્તાર છે ૧.૧૯૦૮ હેકટર એટલે કે ૨ હેકટરની મર્યાદામાં નુકશાન થયુ છે, જેના પરથી નુકશાનની પુરેપુરી રકમ એમને મળવાપાત્ર છે તેવુ સાગર રબારીએ જણાવ્યુ છે. હવે આ વીસીએ ભરેલુ ફોર્મ ખેતીવાડી અધિકારીએ ઓડીટ કર્યુ છે એવુ મને કહેવામાં આવ્યુ છે અને એની પ્રિન્ટ પણ મને મોકલવામાં આવી છે, એમાં જે સર્વે નંબર છે ૨૩૩ જે અગાઉના ફોર્મમાં હતો, ક્ષેત્રફળ ૦.૩૬૭૫ હેકટર, બાકીનુ બધુ બરાબર છે, નુકશાનગ્રસ્ત વિસ્તાર હેકટર ૦.૩૩ થઈ ગયો એટલે કે ઘટી ગયો, બીજો સર્વે નંબર ૪૭૪ જેનુ ક્ષેત્રફળ ૦.૩૮૮૧ હેકટર અને નુકશાનગ્રસ્ત વિસ્તાર થઈ ગયો ૦., ત્રીજો સર્વે નંબર ૬૧૭, ક્ષેત્રફળ ૦.૪૩૫૨ હેકટર અને નુકશાનગ્રસ્ત વિસ્તાર ૦ હેકટર, એટલે કે જે ખેડુતે ફોર્મ ભર્યુ હતુ એનો કુલ નુકશાનગ્રસ્ત વિસ્તાર હતો ૧.૧૯૦૮ હેકટર, ઓડીટ થયેલા ફોર્મમાં કુલ ત્રણેય સર્વે નંબરનો નુકશાનગ્રસ્ત વિસ્તાર થઈ ગયો ૦.૧૩ હેકટર, હવે આ ખેડુતને ૦.૧૩ હેકટરની સહાય મળશે આને કહેવાય ખેડુતોના વળતરમાં કડદો, ૪ હજાર જ મળ્યા છે એવુ કહેવાવાળા અનેક ખેડુતો તમને મળશે કારણ કે વળતરમાં કડદો થઈ રહ્યો છે અને એટલે સેટેલાઈટ સર્વે કર્યા પછી પાછો સર્વે કરાવ્યો, પાછા ફોર્મ ભરાવ્યા કારણ કે ખેડુતોએ ભરેલા ફોર્મને ઓડીટ કરવાની સગવડ તંત્ર પાસે છે. આ કડદો ન થાય અથવા તો જો કડદો થાય તો એની સામે લડવાની તૈયારી સૌ ખેડુતોએ રાખવી પડશે. આ વખતે ગુજરાતમાં આપણે સરકારને કોઈ કડદો કરવા દેવાનો નથી.

## સરકારી શાળાઓમાં બીજુ સત્ર શરૂ થયુ હોવા છતાં પુસ્તકોના ઠેંકાણા નથી વિદ્યાર્થીઓ ભણશે તો કયાં ભણશેઃ શિક્ષણમંત્રીને પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘનો પત્ર



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા પર ફરી એકવાર સવાલો ઉઠી રહ્યા છે. શાળાઓમાં બીજુ શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયુ હોવા છતાં પણ વિદ્યાર્થીઓને હજુ સુધી પુસ્તકો મળ્યા નથી.

આ ગંભીર બેદરકારીને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર વિપરીત અસર પડી રહી છે. આ મામલે પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘે રાજયના શિક્ષણ મંત્રીને તાત્કાલીક પત્ર લખીને પુસ્તકો પહોચાડવા માટે આકરી રજુઆત કરી છે. સંઘે જણાવ્યુ છે કે ધો. ૧ અને ૨ તેમજ પાયાના શિક્ષણ માટે મહત્વપૂર્ણ એવી બાળવાટીકાના પુસ્તકો હજુ સુધી શાળાઓમાં પહોચાડવામાં આવ્યા નથી. સંઘે આક્ષેપ કર્યો કે અગાઉ પણ આ અંગે રજુઆતો કરવામાં આવી હતી. જેના જવાબમાં તંત્ર દ્વારા માત્ર પુસ્તકોની સોફટ કોપી જ મોકલવામાં આવી હતી. જે નાના બાળકોના અભ્યાસ માટે પુરતી નથી, પુસ્તકો સમયસર ન મળવાના કારણે વર્ગખંડોમાં અભ્યાસકાર્ય ખોરવાયુ છે. શૈક્ષણિક સંઘે ભારપૂર્વક જણાવ્યુ છે કે કોઈપણ અભ્યાસ શરૂ કરવા માટે સાહિત્ય પ્રથમ પ્રાયોરીટી હોવુ જોઈએ અને આ પ્રાથમિકતામાં જ તંત્ર નિષ્ફળ ગયુ છે. મહાસંઘે તાત્કાલીક ધોરણે પુસ્તકો શાળાઓ સુધી પહોચાડવા માટે માંગણી કરી છે.

## જનતાને અપીલ કે બમણા જોર થી અમારો સાથ આપોઃ અમે બમણા જોર થી જનતા માટે લડાઈ લડીશુઃ ઈસુદાન ગઢવી



પ્રતિનિધિ,ગાંધીનગર

આમ આદમી પાર્ટી ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા પર થયેલા હુમલા મુદ્દે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે આમ આદમી પાર્ટીના નેતાઓ જનતાનો અવાજ ઉઠાવે કે ભાજપ સાંખી શકતુ નથી, તમે કલ્પના ન કરી હોય તેવા ભાજપ તુત અપનાવીને અમારી સભાઓમાં હુમલાઓ કરવામાં આવે છે, પ્રશ્નો પુછવામાં આવે છે, આ શું થઈ રહ્યુ છે ?

ગઈ કાલે ગોપાલભાઈ ઈટાલીયાની સભામાં એક વ્યકિત જુતા થી હુમલો કરે છે, આમ આદમી પાર્ટીના નેતાઓ ગુજરાતની જનતાનો અવાજ બનીને જાગૃત કરી રહ્યા છે, તે ભાજપ અને કોંગ્રેસ સાંખી શકતી નથી, માટે જ ભાજપ પોતે હુમલો ન કરે તો કોંગ્રેસ પાસેથી હુમલો કરાવે છે. વિસાવદરમાં પણ ભાજપ રૂપીયા વહેંચતી હતી પરંતુ કોંગ્રેસના નેતાએ રૂપીયા વહેંચતા દેખાયા, આ ગુજરાતની જનતાના અવાજ ઉપર હુમલો છે, ગોપાલ ઈટાલીયા પર હુમલો નથી, અમે આવા હુમલાથી ડરવાના નથી, અમારી સભામાં પ્રશ્નો પુછાવો છો , પરંતુ ૩૦ વરસથી જેનુ કુશાસન ચાલી રહ્યુ છે તેને તો કોઈ પ્રશ્ન પુછો , કેમ ગોપાલ ઈટાલીયા પર જ હુમલો થાય છે ? કેમ અમારા નેતાઓ પર જ હુમલો થાય છે ? કેમ અમને જ સવાલ પુછવામાં આવે છે ? નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી કે પછી અમિત શાહ પર કેમ કોઈ હુમલો થતો નથી ? તેનો અર્થ એ થયો કે ભાજપના નેતાઓ જ આ ખેલ કરાવી રહ્યા છે, આના બે જ કારણ હોઈ શકે કાં તો ભાજપના નેતાઓને સરકાર ચલાવતા બિલકુલ આવડતુ નથી, જંગલરાજ થઈ રહ્યુ છે, ગુજરાતમાં બિહાર જેવુ રાજ થઈ ગયુ, ગુજરાતમાં અથવા તો ભાજપના નેતાઓની મીઠી નજરથી થઈ રહ્યુ છે, શું પોલીસની હાજરીમાં હુમલો થાય ? આ હુમલો કરીને તમે એવુ કહેવા માંગો છો કે અમે ડરી જઈશુ ?

વધુમાં ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે હડદડમાં ખેડુતો પર અત્યાચાર કરી અમારા નેતાઓને ખોટી રીતે જેલમાં પુર્યા, શું અમે ડરી ગયા ? આજે ગોપાલ ઈટાલીયા પર હુમલો કર્યો શું અમે ડરી જઈશુ, ? કોઈ ડરવાના નથી , ગોપાલ ઈટાલીયાનો એક એક સૈનિક મજબુત થઈને બહાર આવશે, તમારામાં તાકાત હોય એટલા હુમલા જેલ અને પ્રશ્નો પુછાવડાવી દેજો, યાદ રાખજો ગુજરાતની જનતા ભોળી હોઈ શકે છે પરંતુ અણસમજુ નથી, ગુજરાતની જનતા તમારા નાટકો જાણી રહી છે, આ ગુજરાતની જનતાનો અવાજ દબાવવાનુ ષડયંત્ર છે, આ જે વ્યકિતએ હુમલો કર્યો છે તેને મુબારક, અમે કોઈ વ્યકિત તેની સામે ફરીયાદ નહી કરીએ, જે પ્રશ્ન પુછવા અને હુમલા કરવા માટે આવે છે એમને જરૂર કહેવા માંગીશ કે અમે તમારા સંતાનો માટે લડી રહ્યા છીએ, અમે ગુજરાતના ખેડુત, મજુર, આઉટસોર્સિંગ કર્મચારી, મહિલાઓના મુદ્દે લડી રહ્યા છીએ, મોંઘવારી અને ચારે બાજુ જંગલરાજ અને ગુજરાતના કુશાસને હટાવવા માટે લડી રહ્યા છીએ, તમે આમ આદમી પાર્ટી પર નહી પણ ગુજરાતની જનતાની આશા પર હુમલો કરી રહ્યા છો, ત્યારે ગુજરાતની જનતાને વિનંતી કરૂ છુ કે તમે બમણા જોર થી સાથ આપજો, અમે બમણા જોર થી તમારી લડાઈ લડીશુ,

## પુરવઠા નિગમનો ફરી એકવાર વ્યાજબી ભાવના દુકાનદારો વિરોધી ફતવો



પ્રતિનિધિ,ગાંધીનગર


સતત સમસ્યાઓથી ઘેરાયેલા રહેતા રાજયના વ્યાજબી ભાવના દુકાનદારો વારંવાર સરકારની અણઘડ નીતિનો ભોગ બને છે, ત્યારે ફરી એકવાર પુરવઠા નિગમે દુકાનદારોને ભોગ બનાવ્યા છે અને વ્યાજબી ભાવના દુકાનદાર વિરોધી એક ફતવો બહાર પાડતા વ્યાજબી ભાવના દુકાનદારો રોષે ભરાયા છે અને લડતની ચીમકી ઉચ્ચારી છે.

વ્યાજબી ભાવના દુકાનદારોના સંગઠનના આગેવાનોના જણાવ્યા મુજબ વ્યાજબી ભાવના જે દુકાનદારોનો જથ્થો સરકારી અનાજના ગોડાઉન ખાતેથી ભરાઈ રહ્યો હોય તે જથ્થો ભરાતા સમયે હાજર રહી વજન તથા ગુણવત્તાની ચકાસણી વ્યાજબી ભાવના દુકાનના સંચાલકે અથવા તેના પ્રતિનિધિએ કરવાની રહેશે. ત્યારબાદ કોલમ નંબર ૪ માં તાલુકાના નાયબ મામલતદારે વ્યાજબી ભાવના દુકાનદાર અથવા તેમના પ્રતિનિધિ કે જે ગોડાઉન ખાતેથી ડીએસડી ના વાહનમાં જથ્થો લોડ કરતી વખતે હાજર રહેવાના હોય તેઓના ઓળખના પુરાવાઓ એકઠા કરી અને એમનુ એક લીસ્ટ બનાવી ગોડાઉન મેનેજરને સોંપવાની કામગીરી કરવા આ પરીપત્રમાં જણાવ્યુ છે અને છેલ્લે કોલમ નંબર ૫ માં જણાવવામાં આવ્યુ છે કે ગોડાઉન ખાતેથી વ્યાજબી ભાવની દુકાન ખાતે જે જથ્થો પહોચાડવાની કામગીરી ડીએસડી કોન્ટ્રાકટર મારફતે કરવામાં આવે છે તે દર મહિને તારીખ ૧ થી તારીખ ૧૦ સુધીમાં પુર્ણ કરી દેવી તથા આ કામ માટે પુરતા વાહનો તથા મજુરો ઉપલબ્ધ રહે તે સુનિશ્ચિત કરવુ, આમ આ પરીપત્ર દ્વારા કોલમ નંબર ૩ માં વ્યાજબી ભાવના દુકાનદારોને સરકારી અનાજના ગોડાઉન ખાતે હાજર રહીને જથ્થાનુ વઝન તથા જથ્થાની ગુણવત્તાની ખરાઈ કરવાનુ જણાવવામાં આવ્યુ છે તે વિસંગતતાભર્યુ છે. કારણ કે આખી પ્રક્રિયામાં સરકારી અનાજના ગોડાઉન ખાતે વેપારીઓનો કોઈ રોલ હોતો નથી અને ગોડાઉન ખાતેથી ડીએસડી કોન્ટ્રાકટરના વાહનમાં જથ્થો દુકાન ખાતે પહોડચવામાં આવે છે. માટે વેપારી દ્વારા જો ગોડાઉન ખાતેથી જથ્થાની ચકાસણી કરવામાં આવે અને ત્યારબાદ આ જથ્થામાં ગોડાઉનથી દુકાન સુધીના માર્ગમાં કઈ પણ ફેરફાર થાય તો તેની જવાબદારી વેપારીના શીરે રહેતી ન હોય આમ વેપારીએ પોતાની દુકાન ખાતે ઉતરતા જથ્થાની ચકાસણી કરવાની હોય, ગોડાઉન ખાતે હાજર રહેવાનુ ફરમાન કરવાનુ કોઈ ઓચિંત્ય બનવા પામતુ ન હોય આ નિર્ણય એક પ્રકારે શંકા ઉપજાવે એવો છે.

નવેમ્બર મહિનામાં પરીપત્ર કરવામાં આવ્યો હતો કે ડીએસડી દ્વારા દુકાને જે જથ્થો ઉતરે એ જથ્થો વ્યાજબી ભાવની દુકાન ખાતે રહેલા વજનકાંટાથી એ જથ્થાનુ વજન કરી આપવુ આ નિર્ણયને એકદમ થી પલટાવવામાં આવ્યો હોય અથવા તો આ નિર્ણય જલ્દબાજીમાં લેવાઈ ગયો હોય અને ડીએસડી કોન્ટ્રાકટરને બચાવવાનો પ્રયત્ન હોય એવુ જણાય છે. આમ છતાં વ્યાજબી ભાવના દુકાનદારને કારણવગર સરકારી ગોડાઉન ખાતે લાંબા કરીને એક પ્રકારે ગેરવ્યાજબી રીતે જવાબદારી બાંધી તેની પેરવી કરવામાં આવી છે. વ્યાજબી ભાવના દુકાનદાર જથ્થાની ચકાસણી માટે તજજ્ઞ ન હોય અથવા તો આ માટે તેઓને કોઈ તાલીમ પણ આપવામાં આવી ન હોય અને જથ્થાની ખરાઈ કરવા માટે કોઈ નોમ્સ કે ધારાધોરણ નકકી કરવામાં આવેલ ન હોય અને જથ્થાની ગુણવત્તા ચકાસણી માટે કોઈ મશીનીક સાધનો પણ પુરા પાડવામાં આવતા ન હોય તથા જથ્થાને મેન્યુઅલ ચકાસણીની કોઈ રીત નકકી કરવામાં આવી નથી. અનાજના થોડા જથ્થાને હાથમાં લઈને નરી આંખે જોવો તેના રંગનુ વર્ણન ગંધ કે સ્વાદની ચકાસણી કરવી કે અન્ય કોઈ પધ્ધતિ હોય તો શું હોઈ શકે ? આવા જટીલ સવાલો ઉપસ્થિત થાય છે.

આવા તઘલખી નિર્ણયો વ્યાજબી ભાવના દુકાનદારો માટે માથાના દુઃખાવા સમાન હોય માનસિક યાતના ઉપસ્થિત કરનારા નિર્ણયને ફેરબદલ કરવા જોઈએ, જો વારંવાર તઘલખી પ્રકારના નિર્ણયો લઈને વેપારીઓનુ માનસિક શોષણ ચાલુ રાખવામાં આવશે તો વ્યાજબી ભાવના દુકાનદારોએ ફરી ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવુ પડશે, રાજય સલાહકાર સમિતિ કે એસોસીએશનના આગેવાનો સાથે કોઈપણ પ્રકારની મસલત કર્યા વગર અથવા તો જમીન લેવલ પર કાર્યરત વ્યાજબી ભાવના દુકાનદારોના અનુભવોને જાણ્યા વગર મનઘડત નિર્ણયો વ્યાજબી ભાવના દુકાનદારો તથા રેશનકાર્ડ ધારકો માટે બહુ મોટી સમસ્યાઓ ઉભી કરનાર હોય છે. સરકારે તથા જવાબદાર અધિકારીઓએ કોઈપણ નિર્ણયો કરતા પહેલા એ નિર્ણયને વ્યવહારમાં કેમ લાગુ કરી શકાય એ માટે સંગઠનના હોદેદારો નો મત પણ જાણવો જોઈએ.

## ગુજરાતમાં ૬૦ લાખ થી વધુ મતદારોના નામ મતદાર યાદીમાંથી કમી થશે



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ૬૦ લાખથી વધુ મતદારોના નામ મતદાર યાદીમાંથી કમી થઈ જશે તે સુનિશ્ચિત થઈ ગયુ છે, મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં એક જ દિવસમાં લગભગ ૪ લાખ જેટલા મતદારોના નામ ખોટા હોવાનુ જાણવા મળ્યુ છે. તેમાં ડુપ્લીકેટ મતદારોનો સમાવેશ થાય છે, આમ ગુજરાતમાં મતદાર યાદી સુધારણા થઈ ત્યારે ૬૦ લાખ થી વધુ નામોના કમી થશે તેવી આશંકા સેવાતી હતી તે સાચી પડી છે, હવે ૬૦ લાખ નામો વિચારો તો કમસેકમ તે ૨૦ વિધાનસભા મતવિસ્તાર અને પાંચેક લોકસભા મતવિસ્તાર જેટલા થાય, આટલા નામના જો બોગસ વોટ અત્યાર સુધીમાં પડયા હશે તો તેના કારણે કોને ફાયદો થશે તે સમજી શકાય છે. આનો સીધો અર્થ એમ જ કરી શકાય કે આટલા વોટ બોગસ વોટ જ કહેવાય, આ સિવાય આ આંકડો ૭૦ થી ૮૦ લાખ પાર પહોચશે તો પણ કોઈને આશ્ચર્ય નહી થાય, આ બતાવે છે કે ગુજરાતના ૭ કરોડથી વધુ રહેવાસીઓમાં ૫ કરોડથી વધુ મતદારોમાંથી ૬૧ લાખ મતદારોના નામ કમી કરવામાં આવશે, આ મતદારોના નામ કાયમ માટે કમી થઈ જશે. આમ કુલ ૫ કરોડથી વધુ મતદારોમાંથી ૧૨ ટકા કરતા વધુ મતદારોના નામ કમી થશે. હજુ તો આ કામ એક અઠવાડીયુ બીજુ ચાલવાનુ છે, તે જો તા આ આંકડો હવે કયાં જઈ અટકશે તે એક મોટો સવાલ ઉભો થવા પામ્યો છે. ગુજરાતમાં મતદાર યાદી સુધારવા માટે એક ખાસ ઝુંબેશ દરમિયાન એવુ બહાર આવ્યુ છે કે એક જ દિવસમાં ૩.૭૫ લાખ થી વધુ મતદારોના નામ ખોટા હોવાનુ જાણવા મળ્યુ છે. આમા મૃત મતદારો, તેમના સરનામાથી ગેરહાજર રહેલા , સ્થળાંતર કરનારા અને ડુપ્લીકેટ મતદારોનો સમાવેશ થાય છે.

એસઆઈઆર કાર્ય તેના અંતિમ તબકકામાં પહોચી ગયુ છે, ગઈ કાલે ગુજરાતમાં ૧૭ લાખ મૃત મતદારો નોંધાયા હતા આજે શનિવારે આ સંખ્યા વધીને ૧૭.૩ લાખ થઈ છે. જે મૃત મતદારોની સંખ્યામાં ૩૦ હજારનો વધારો દર્શાવે છે. તેવી જ રીતે એક જ દિવસમાં ૮૫ હજાર ના વધારા સાથે ૭ લાખ થી વધુ મતદારો તેમના સરનામા પર હાજર ન હતા જયારે તેમના સરનામા પરથી કાયમી સ્થળાંતર કરનારા મતદારોની સંખ્યા ૨.૫૨ લાખ થી વધીને ૩.૨૫૨ લાખ થઈ છે અને ડુપ્લીકેટ મતદારોની સંખ્યા ૮ હજાર થી વધીને ૩.૩૬ લાખ થઈ છે. ચારેય પ્રકારની ભુલો ધરાવતા મતદારોની કુલ સંખ્યા ૬૦ લાખ થી વધુ થઈ છે.

## અરવલ્લી જિલ્લા યુથ કોંગ્રેસમાં સેકેટરીની કરાઈ વરણી



પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસ દ્વારા રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈ હોદેદારોની વરણી કરવામાં આવી રહી છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસના હોદેદારોની કરવામાં આવેલી વરણીમાં અરવલ્લી જિલ્લાના આનંદ દેસાઈ રસુલપુર નાઓની જિલ્લા યુથ કોંગ્રેસ જનરલ સેક્રેટરી તરીકે વરણી કરવામાં આવતા કોંગ્રેસી કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે અને આવનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં વેરઝેર ભુલી જઈ ખભેખભા મીલાવી અરવલ્લી જિલ્લાની સીટો કોંગ્રેસના ખોળામાં આવે તેવી તનતોડ મહેનત કરવાની કાર્યકરોએ હાંકલ કરી હતી.